|| હરિઃૐ ||

હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિઃૐ ગુંજન

Year : 2 • Issue : 3 • 5th November, 2019 • Price : Rs. 10



હરિઃૐ આશ્રમ, નડિયાદનો જિર્ણોદ્ધાર



પૂજ્ય શ્રીમોટાનો પ્રાર્થના કરવા માટેનો ઓટલો



મૌન મંદિરના રૂમ નં. ૧

• વેબસાઈટ-ઈ-મેઈલ •
www.hariomashram.org
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી ગૌતમભાઈ વાડીભાઈ પટેલ
શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**હરિઃૐ ગુંજન અંગે**

૧. ભેટની રકમ હરિઃૐ આશ્રમના નામે મનીઑર્ડરથી કે ચેક / ડી.ડી. મારફતે આશ્રમના સરનામે મોકલવા વિનંતી.
(ઈન્કમટેક્ષ ઍક્ટની કલમ-૮૦-જી-(૫)ની નીચે ભેટની રકમ કરમુક્તિ પાત્ર છે.
૨. હરિઃૐ આશ્રમ, પો.બો.નં. ૭૪, નડિયાદ, પીન કોડ : ૩૮૭૦૦૧. મો. ૭૮૭૮૦૪૬૨૮૮

**• પ્રકાશન સ્થળ •**
૮૯, પાયલ પાર્ક, સ્ટાર બજારની બાજુમાં, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫

**હરિઃૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત**

# હરિઃૐ ગુંજન

**‘HARI:OM GUNJAN’ (Gujarati Bi-monthly)**

વર્ષ-૨, અંક-૩ નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૯

## સેવાનો અર્થ

ઘર્ષણ ઘટે તે સેવા, વધે તે દુઃખ. હમણાં દહેરાદૂનથી આશ્રમમાં એક ભાઈ આવેલા. કૉમ્યુનિટી પ્રોજેક્ટના સંશોધન વિભાગમાં કામ કરે છે. તેમને કોઈ તેડી લાવેલું. તે કહે, “તમે ભાગી કેમ ગયા ? ૨૦ વર્ષ સેવા કર્યા પછી તમે એ છોડી દીધી ?” મેં સેવાનો અર્થ પૂછ્યો. તો કહે, “સેવા એટલે ઊંચી પરિસ્થિતિમાં પ્રકટવું.” મેં પૂછ્યું, “ઊંચી એટલે આર્થિક કે મનાદિકરણની સ્થિતિગતિ ?” તો કહે, “હા, મનાદિકરણની.” “તો સેવાથી મનાદિકરણની સ્થિતિગતિ ઊંચી થાય, પણ સેવાથી જો સૂગ પ્રકટે, એનાથી ઘર્ષણ પ્રકટે તો ?” એનો જવાબ એમની પાસે ન હતો. એટલે સેવાથી તો મનમાં સહિષ્ણુતા પ્રકટવી જોઈએ, પણ એમ નથી. ઊલટું મનની કેળવણી થઈ નહિ અને વાંધા પ્રકટ્યાં જ કર્યા, એટલે મનમાંથી રાગદ્વેષ ઘટે તો જ ભેદ ઘટશે, નહિ તો નહિ. એ મોળા પડ્યા સિવાય ભેદ ઘટે નહિ. માટે જો સુખી થવું હોય તો રાગદ્વેષ મોળા પાડવાનું વિચારવું. એ કેમ બને ? રાગદ્વેષ અટકાવવાનું બળ કેવી રીતે પ્રકટાવવું ? કોઈ કહે છે, ‘તટસ્થતા, વિવેક, સંયમથી પ્રકટે,’ પણ રાગદ્વેષ પ્રકટે ત્યારે તટસ્થતા કે વિવેકનું ભાન ન પ્રકટે અને રાગદ્વેષ પ્રકટે ત્યારે સંયમ પણ ન રહી શકે – આવું બોલનારના મનમાં એ કેટલું પ્રકટે તે તો એ જાણે ! એટલે રાગદ્વેષ પ્રકટે ત્યારે એને સંયમ પ્રકટાવવાને આંતરિક બળની જરૂર અને એને માટે ભગવાનનું સ્મરણ એ એક ઉપાય છે, એનો પ્રયોગ કરી જુઓ. આ કલ્પનાની વાત નથી, અનેક સાધક પુરુષોએ પ્રયોગ કરીને સિદ્ધ કરેલી હકીકત છે. જેને ડૂબવું છે તેને માટે આ જગા નથી.

***(‘મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા’ પૃ. ૪૨-૪૩માંથી)*** ***પૂ. શ્રીમોટા***

# હરિઃૐ ગુંજન

**નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૯**

**માનદ્તંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ**

**સંકલન : ડૉ. ચંપકભાઈ ર. મોદી નડિયાદ.**

- **૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
- સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે તાત્કાલિક હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ-૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

### સાધક-લેખકોને નિમંત્રણ

પૂ. શ્રીમોટાના સાધકો-ભાવકોને તથા અન્ય લેખકો-કવિઓએ 'હરિઃૐ ગુંજન' દ્વિમાસિક સામયિક માટે તેમનું સાહિત્ય કાગળની એક બાજુ સુવાચ્ય હસ્તાક્ષરે હરિઃૐ આશ્રમ, નડિયાદને મોકલી આપવું. અનુકૂળતાએ મુદ્રિત કરવામાં આવશે.

### ❁ લખાણ અંગે ❁

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતી યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.
- દ્વિમાસિક સામયિકમાં પ્રસિદ્ધ થતાં લેખ લેખકના પોતાના અંગત વિચારો છે.

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | શ્રીમોટાના બાળપણના અવનવા પ્રસંગો | સોમાભાઈ ભાવસાર | ૫ |
| ૨. | મૌન એકાંતનું રહસ્ય અને મૌનમંદિર | શ્રીમોટા | ૧૦ |
| ૩. | સાધક અને પતિપત્ની સંબંધ | સં. ડૉ. રમેશ ભટ્ટ | ૧૩ |
| ૪. | સદ્‌ગુરુને આપણામાં જીવતા કરવાની રીત | શ્રીમોટા | ૧૮ |
| ૫. | અંધશ્રદ્ધા | શ્રીમોટા | ૧૯ |
| ૬. | પ્રા. એ.જી. ભટ્ટકૃત 'અનુપમ અધ્યાત્મપથ" | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૧ |
| ૭. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય અ. ભટ્ટ | ૨૩ |


## મૌન

**અનુષ્ટુપ**

**વિચારો સૌ જુદા જુદા, થયા જ કરતા રહે,**
**તણાઈ ના જવા તેમાં, મૌનનો ઉપયોગ છે.**

**રહે ચિત્‌શક્તિ વ્હેંચાતી, એને એકાગ્ર કેન્દ્રિત,**
**એકાંગી ઊંડી રે'વાને, મૌન ઉત્તમ સાધન.**

**ચેતનાશક્તિ હૈયાની, ઉદ્દિપ્ત કરવા ખરે,**
**પરોવાવા ઊંડું તેમાં, મૌન દે માર્ગ ચિત્તને.**

**ચિંતા, ઉદ્વેગ, કંટાળો, શોક, મત્સર, ક્રોધ ને,**
**કામ-રાગાદિ ઠેકાણે, સાધવા મૌન સાર્થ છે.**

**હેતુ વિનાનું તે મૌન, સારશે કાંઈ અર્થ ના,**
**હેતુથી સંકળાયેલું, જન્માવે મૌન ચેતના.**

*'કર્મગાથા' પૃ. ૧૨૮-૧૨૯*

# ૧. શ્રીમોટાના બાળપણના અવનવા પ્રસંગો

**- સોમાભાઈ ભાવસાર**

શ્રીમોટાના બાળપણના કષ્ટદાયી પ્રસંગો આપણે આગળ વાંચી ગયા. એક સુખી કુટુંબ પરિસ્થિતિને કારણે આપત્તિમાં આવી ગયું. પણ એથી એ હિંમત હારી ન જતાં એનેય ઈશ્વરની દેણગી ગણીને ટકી ગયું પણ સંસ્કારલોપ થવા ન દીધો. આ મહત્ત્વની વાત તેમાં જોવા મળે છે. શ્રીમોટાના બાળપણના કષ્ટદાયી પ્રસંગો ઉપરથી તેમના જીવનનું એક પાસું જોવા મળ્યું. હવે બાળપણના જાણવા જેવા કેટલાક અન્ય અવનવા પ્રસંગો જોઈએ.

સ્ત્રી શું કે પુરુષ શું દરેકનાં બાલ્યકાળમાં અવનવા પ્રસંગો બનતા હોય છે. કોઈ વાર વઢવાડના તો કોઈ વાર રિસાવાના, કોઈ વાર કશું ચોર્યાના તો કોઈ વાર ખાવાની બાબતના તો કોઈ વાર અન્ય બાબતોના એવા પ્રસંગો બને છે કે મોટા થયા પછી માબાપ આપણને તે કહે તો આપણે તે સાંભળીને આશ્ચર્ય પામીએ છીએ. શ્રીમોટાના બાળપણના એવા થોડા પ્રસંગો નીચે આપ્યા છે.

(૧)

શ્રીમોટાની શાળાની સામે જ ચવાણાવાળાની દુકાન હતી. શાળામાં રજા પડે ત્યારે જેઓ ઘેરથી પૈસા લાવ્યા હોય તેઓ બધા દુકાને જાય. દુકાનમાં પેંડા, જલેબી, બરફી, કળીના લાડુ, સેવ, ચેવડો, ગાંઠિયા, ભજિયાં એવું ખાવાનું હોય. તેમાંથી જેને જે ખાવું હોય તે લઈને ખાય. છોકરાઓને ખાતા જોઈને શ્રીમોટાને પણ ખાવા મન થાય. પણ ખાવા માટે પૈસા જોઈએ. શ્રીમોટા તે ક્યાંથી લાવે ? મા પાસે માગે તો લડી જ નાંખે. પિતા પાસે હોય નહીં.

શ્રીમોટાએ વિચાર કર્યો શું કરશું ? કેવી રીતે પૈસા મેળવવા ? તેઓ જાણતા હતા કે દળામણના અને બીજી મહેનત મજૂરીના જે પૈસા મળતા તે બા એક કુલડીમાં મૂકીને તે અમુક જગ્યાએ રાખતી. એક દિવસ લાગ મળતાં તેમણે તે કુલડીમાંથી ચાર પૈસા ચોરીને કંદોઈની દુકાનેથી ચવાણું ખાધું.

ચવાણું તો ખાધું અને તે પેટમાં પણ પહોંચી ગયું. પણ તે પછી શ્રીમોટાને થયું કે ચવાણું ખાવાની મારી ઈચ્છા તો ફળી પરંતુ જે રીતે ચવાણું ખાધું તે બરાબર ના કર્યું. આ વાત આખો દિવસ તેમના દિલમાં ડંખ્યા કરી. આથી તેમણે બા પાસે જઈને બધી વાત કરવાનું નક્કી કર્યું.

સાંજના શાળાએથી ઘેર આવીને જોયું તો ઘરની ઓસરીમાં બેઠી બેઠી બા કંઈ કામકાજ કરી રહી હતી. શ્રીમોટા તેની પાસે જઈને ગુપચુપ બેસી ગયા. પછી ધીરે રહીને બોલ્યા : 'બા, મારે તને એક વાત કહેવી છે.'

બાએ કહ્યું : 'બોલ, શી વાત કરવી છે ?'

'વાત સાંભળીને મને મારીશ નહીં ને ?' શ્રીમોટાએ પૂછ્યું.

'પણ એક વાર વાત કઈ છે તે કહી નાંખને ?' બાએ કહ્યું.

શ્રીમોટા ધીરે રહીને બાની સોડમાં ભરાતાં બોલ્યા, 'જો બા, તારી પૈસાવાળી કુલડીમાંથી મેં ચાર પૈસા ચોર્યા'તા તેનું હું ચવાણું ખાઈ આવ્યો છું.'

આ સાંભળીને બા શ્રીમોટાને થોડું લડ્યાં ખરા. થોડો ડારો પણ આપ્યો કે જો ફરી વાર આવી રીતે કરીશ તો માર મારીને તને ઘરમાંથી કાઢી મૂકીશ.

આ વાત સંભળાવતાં શ્રીમોટા કહેતા કે ત્યાર પછી મેં કોઈ દિવસ ઘરમાંથી કે કોઈને ત્યાંથી કશાની કોઈ ચોરી કરી નથી.

(૨)

કાલોલમાં લાડ વાણિયાની વસતી વધારે. બધા વેપારી એટલે સ્થિતિપાત્ર. એમણે પોતાની જ્ઞાતિની જુદી વાડી બંધાવી હતી. તે વાણિયાની વાડીને નામે ઓળખાતી. વરસમાં બબ્બે મહિના ત્યાં નાતો ચાલે. લગ્નની, શ્રીમંતની, બારમાની એમ જુદી જુદી નાતો ચાલે. લગ્નની, શ્રીમંતની એમ જુદી જુદી નાતો થાય.

શ્રીમોટા જે એંગ્લોવર્નાક્યુલર સ્કૂલમાં ભણતા હતા ત્યાં માસિક ફી લેવામાં આવતી, સ્થિતિપાત્ર હોય તેઓ જ આ સ્કૂલમાં પોતાનાં બાળકોને ભણાવે. વાણિયા સ્થિતિપાત્ર હતા એટલે તેમનાં બાળકોની સંખ્યા આ સ્કૂલમાં વિશેષ હતી. શ્રીમોટા ભણવામાં હોશિયાર હતા એટલે બધા વાણિયાના છોકરા તેમની દોસ્તી રાખતા.

વાણિયાને ડાહીમાના દીકરા કહેવાય છે. એટલે એમના છોકરા પણ એવા જ હોય ને ! તેઓ બડાશ મારે કે આજ તો વાડીમાં લાડુનું જમણ છે. કાલે રોટલી ને કંસાર, પરમ દિવસે ચુરમું અને ઉપર ઘી. કાલોલમાં શ્રીમોટાને એમની જ્ઞાતિનું એકે ઘર નહીં, એટલે નાત ક્યાંથી થાય ? અને મિષ્ટાન્ન ભોજન ક્યાંથી મળે ?

એક દિવસ વાણિયાના છોકરા વાતો કરતા હતા એ અલ્યા, આજે તો વાડીમાં લાડુનું જમણ છે. લાડુ જમવાની રંગત રહેશે.

એક કહે : 'એક ખાઈશ.'

બીજો કહે : 'બે ખાઈશ.'

ત્રીજો કહે : 'ત્રણ ખાઈશ.'

ચોથો કહે : 'ચાર ખાઈશ.'

આમ લાડુ ખાવાની હરિફાઈની વાતો થતી હતી. શ્રીમોટા તેમની આ વાતો સાંભળતા બાજુમાં ઊભા હતા. તેઓ બોલ્યા કે, 'અલ્યા, તમે બધા લાડુ ખાવાની વાત કરો છો ને મારા મોમાં પાણી આવી જાય છે. તમને તો લાડુ ખાવા મળશે પણ મનેય લાડુ ખાવા મળે એવું કાંઈ કરો ને ?'

શ્રીમોટાની વાત સાંભળીને વાણિયાના છોકરાઓએ કહ્યું કે, 'ચુનીલાલ, તું એમ કર. રાત પડે ત્યારે કોઈ ન જુએ તેમ અમારી વાડી પાસે ઊભો રહેજે. અમે જ પીરસનારા છીએ. તને આવેલો જોઈશું એટલે અમારામાંથી કોઈ તને છાબડી ભરીને લાડુ આપી જશે. તારે ખાવા હોય એટલા લાડુ ખાજે, બસ !'

શ્રીમોટા સાથે આવી મસલત થઈ અને સમય થયો એટલે શાળામાંથી છૂટી સૌ ઘેર ગયા. સાંજ વીતી ગઈ અને રાત પડી એટલે શ્રીમોટા મસલત પ્રમાણે વાડી નજીક એક ઘરની પાસે કોઈ ન જુએ તેમ અંધારામાં ઊભા. પીરસનાર એક છોકરાની નજર ત્યાં ગઈ અને શ્રીમોટાને જોતાં તરત જ અંદર જઈને વાત કરી અને થોડી વારમાં જ છાબડી ભરીને લાડુ શ્રીમોટાના હાથમાં આવી ગયા. આપનાર બોલ્યો : 'હવે ઘેર જા અને લહેરથી ખાવા હોય તેટલા લાડુ ખાજે.'

છાબડી ભરીને લાડુ હાથમાં આવતાં જ શ્રીમોટા તો આનંદિત થઈ ગયા. ઘડીભર તો એમને એમ થઈ ગયું કે છાબડી ભરેલા લાડુ છે તો લાવને એક બે હમણાં જ ખાઈ જાઉં, પણ વળી પાછો વિચાર ફર્યો કે ઘરનાંને મૂકીને પોતે એકલા ખાય તે સારું નહીં. એટલે છાબડી ભરેલા લાડુ લઈને ઘર તરફ ચાલવા માંડ્યું. દૂરથી ઘર દેખાયું એટલે ચાલ જરા ઝડપી કરી. ઓસરી ચઢીને ઘરમાં જઈને લાડુ ભરેલી છાબડી હેઠે મૂકી.

છાબડી ભરેલા લાડુ જોતાં જ બા તપી ગયાં ને બોલ્યાં : 'અલ્યા, આટલા બધા લાડું ક્યાંથી લાવ્યો ?'

શ્રીમોટાએ બાને બધી વાત કરી. એટલે વધુ તપીને બાએ કહ્યું : 'મારા રોયા, આટલા બધા લાડુ લાવતાં તને શરમે ન આવી ? તને લાડુ ખાવાનું મન હતું તો કહેવું હતું. હું તને લાડુ બનાવી આપત. પણ કોઈના આટલા બધા લાડુ ચોરી લવાય ?'

બાની વાત સાંભળીને શ્રીમોટાને થયું કે આ તો બફાઈ ગયું. આવી રીતે આટલા બધા લાડુ લાવવા એ સારું તો ન જ ગણાય. પણ થતાં શું થઈ ગયું. હવે શું થાય ? શ્રીમોટા તો છાનામાના ચોરની જેમ ઊભા હતા. ત્યાં બાએ કહ્યું, 'ઊભો છે શું ? જા જઈને મૂક પેલા ખૂણામાં. જો જરાક પણ ખાધો છે તો માર્યા વિના નહીં મૂકું.'

શ્રીમોટાએ તો બોલ્યાચાલ્યા વિના છાબડી ભરેલા લાડુ ગરીબ ગાય જેવા થઈને બાએ કહ્યું તે જગાએ મૂકી દીધા.

પરંતુ બાનો ગુસ્સો હજી શમ્યો નહોતો. બાનો બડબડાટ હજી ચાલુ જ હતો : 'અલ્યા, નાનપણથી જ આવું કરશો તો મોટા થઈને તમારું શું થશે ? આપણા જ ઘરમાંથી કોઈ કોઠી ભરેલા દાણા લઈ જાય તો આપણને કેવું થાય ? તને લાડુ લાવતાં આવો વિચારેય ના આવ્યો !'

શ્રીમોટાને થયું : બા હજી કેટલુંય બોલશે. પણ વાત આગળ વધી નહીં. તે પછી ઘરનાં સૌ જમીને સૂઈ ગયાં. છાબડી ભરેલા લાડુ જ્યાં મુકાવ્યા હતા ત્યાં જ પડી રહ્યા.

શ્રીમોટા જમીને સૂઈ ગયા તો ખરા પણ તેમને ઊંઘ નહોતી આવતી. એમનું મન ચગડોળે ચડ્યું હતું. લાડુનો પ્રસંગ એ ભૂલી શકતા નહોતા. એમને થયું કે ખાવાની લાલચ માણસને કેવું ભાન ભુલાવે છે ! એવો વિચાર કરતાં તેઓ ક્યારે ઊંઘી ગયા તેનું તેમને ભાન રહ્યું નહીં.

સવારમાં ઊઠીને શ્રીમોટા ઓસરીમાં બેસીને દાતણ કરતા હતા ત્યાં બાનો ઘરમાંથી અવાજ આવ્યો : 'અલ્યા ચુનિયા, રસ્તામાં કોણ છે ?'

શ્રીમોટા બોલ્યા : 'બા, ભંગી વાળે છે.'

એના જવાબમાં બાએ શ્રીમોટાને કહ્યું, 'ઓસરીમાંથી ઘરમાં આવ અને ગઈ કાલે રાતે જે છાબડી ભરીને લાડુ તું લઈ આવ્યો છે તે લઈ જઈને બહાર ભંગીને આપી દે.'

શ્રીમોટાથી બાની સામે ચૂં કે ચાં થઈ શકે તેમ નહોતું. એમણે ઓસરીમાંથી ઘરમાં આવીને લાડુ ભરેલી છાબડી બહાર લઈ જઈને ભંગીને આપી દીધી. શ્રીમોટાને ત્યારે સહજ રીતે થયું કે કોને માટે લાડુ લાવેલો અને કોને તે મળ્યા !

લાડુ ભરેલી છાબડી ભંગીના હાથમાં આવતાં ભંગી તો રાજી રાજી થઈ ગયો. આટલા બધા લાડુ બાપ જનમારે એને કોણ આપવાનું હતું ? તે દિવસ તો એને મન જયાફતનો દિન થઈ પડ્યો.

આ પ્રસંગ પછી બાએ મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે છોકરાંને ખાવાની લાલચ થાય તે સ્વભાવિક છે. એમને તે ન મળે એટલે સ્વાભાવિક રીતે આવું કરવાનું મન થાય. ઘરમાં આવું ફરીથી ન બને એટલા માટે આ પછી વારેતહેવારે કે પરબના દિવસે સારું ખાવાનું કરવાનો રિવાજ રાખ્યો જેથી ઘરનાં કોઈને ખાવાની લાલચ ન થાય.

(૩)

શાળામાં પરીક્ષાના દિવસો હતા. જે દિવસનો આ પ્રસંગ છે તે દિવસે ગણિતની પરીક્ષા હતી. શ્રીમોટા ગણિતમાં એક્કા હતા. પરીક્ષાનાં પેપર વહેંચાયાં તેની સાથે જ તે વાંચી જઈને એમણે ફટોફટ દાખલા ગણી કાઢી નોટબુક ભરી દીધી.

પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ ઘાલમેલ ન કરે એટલા માટે તપાસ રાખવાને માટે સુપરવાઇઝરોની ગોઠવણ કરેલી હતી. તેમની નજર પ્રશ્નપત્રનો જવાબ લખતા વિદ્યાર્થીઓની તરફ હતી.

શ્રીમોટાની બાજુમાં બેઠેલ વિદ્યાર્થી ગણિતમાં કાચો હતો. તેણે ઇશારો કરી શ્રીમોટા પાસે ગણેલા દાખલાની નોટ માગી.

શ્રીમોટા જાણતા હતા કે વર્ગની આસપાસ સુપરવાઈઝરો ફરે છે અને બાજુના વિદ્યાર્થીને નોટ આપતાં જો તેઓ તેમની નજરે પડી જાય તો બાર બોલી જાય. આથી તેઓ બાજુના વિદ્યાર્થીને નોટ આપવા માટે ગલ્લાંતલ્લાં કરતા હતા. શ્રીમોટા તરફથી નોટ મળતી નહોતી તેથી વિદ્યાર્થી અકળાતો હતો. તેણે શ્રીમોટા તરફ ખસીને શ્રીમોટાને પેન્સિલનો ગોદો મારી કહ્યું : 'આપને હવે !' ગરજવાનને અક્કલ કે શરમ ન હોય કે સુપરવાઇઝર જોઈ જશે તેની બીક પણ ન હોય. શ્રીમોટાએ વિદ્યાર્થીની દયામણી સ્થિતિ જોઈને ધીમેથી તેની તરફ નોટ સરકાવી. શ્રીમોટાને કે પેલા વિદ્યાર્થીને બંનેને ખબર નહોતી કે દૂર ઊભા ઊભા સુપરવાઇઝર બંનેનો ખેલ બરાબર જોઈ રહ્યા હતા અને જેવી પેલા વિદ્યાર્થી તરફ નોટ સરકાવી કે તુરત તેમણે શ્રીમોટા પાસે આવીને કહ્યું, કે તારી બાજુના વિદ્યાર્થીને તેં નોટ આપી છે ?

શ્રીમોટાથી કેવી રીતે ઈન્કાર થાય ? જો ઈન્કાર કરે તો તે બંનેને ઊભા કરીને તપાસ થાય એ બધી પોલ પકડાઈ જાય.

શ્રીમોટાએ વિચાર કર્યો કે સુપરવાઈઝર બધો ખેલ જોઈ ગયા છે એટલે ના કહેવી ચાલે તેમ નથી. જૂઠું બોલીશ તો પકડી પાડશે અને શિક્ષા થશે. પણ સાચું બોલીશ તો કદાચ છૂટી જવાનો સંભવ છે. એટલે તેમણે કહ્યું કે સાહેબ, મેં એને નોટ આપી નથી પરંતુ એણે માગી અને મેં આપી એવું બન્યું છે.

સુપરવાઈઝર શ્રીમોટાને હેડમાસ્તર પાસે લઈ ગયા અને બધી વાત કરી. શ્રીમોટા જાણતા હતા કે જો સુપરવાઈઝર હેડમાસ્તર પાસે લઈ જશે અને વાતનું વતેસર થશે તો હેડમાસ્તર જરૂર મને શિક્ષા કરશે અને શાળામાંથી બરતરફ કરશે.

હેડમાસ્તરે શ્રીમોટાને પાસે બોલાવી પૂછ્યું : 'સુપરવાઈઝર સાહેબે તારે વિશે જે ફરિયાદ કરી તે વિશે તારું શું કહેવું છે ? જો સાચી વાત કહીશ તો તારો ગુનો માફ કરીશ. પણ ખોટું બોલીશ તો તને શાળામાંથી બરતરફ કરીશ.'

હેડમાસ્તરની આંખમાં ને અવાજમાં એટલી બધી કડકાઈ હતી કે શ્રીમોટા ગભરાઈ ગયા અને ચોધાર આંસુએ રડતાં તેઓ બોલ્યા કે મેં નોટ આપી નથી પરંતુ એણે માગી ને મેં આપી છે. 'મેં આપી તે મારો ગુનો ગણાય. હવે પછી આવું કદી નહીં કરું. તો મારો પહેલો ગુનો ગણીને મને માફ કરવા મહેરબાની કરશો.' બે હાથ જોડીને રોતાં રોતાં શ્રીમોટાએ હેડમાસ્તરને આજીજી કરી.

હેડમાસ્તર ઉદાર દિલના હતા. પરીક્ષા વેળાએ ચોરીના ઘણા કિસ્સા બને છે. પણ આ કિસ્સામાં શ્રીમોટાનો હેતુ ચોરી કરવાનો કે કરાવવાનો નહોતો એમ ગણીને ફરીવાર આવું ના કરતો એવી ચેતવણી આપી તેમને જવા દીધા.

(૪)

શ્રીમોટાના પિતાશ્રીને અફીણની આદત હતી. અફીણની નાનીનાની ગોળીઓ બનાવીને તેઓ એક ડબ્બીમાં રાખતા હતા. ખૂબ બગાસાં આવે અને સુસ્તી લાગે ત્યારે ડબ્બીમાંથી એક ગોળી મોંમા મૂકી ચગળતા અને તાજગી અનુભવતા, અફીણની આદત નશીલી આદત છે. જ્યાં સુધી અફીણ ખાય ત્યાં સુધી તેનો અમલ રહે અને નશો રહે. પણ જ્યાં અફીણનો અમલ બંધ થાય કે માણસ નરમ ઘેંશ જેવો બની જાય.

શ્રીમોટાના પિતા તો અફીણના ગુલામ બન્યા હતા પણ શ્રીમોટાનેય અફીણના ગુલામ બનાવ્યાં. શ્રીમોટા શાળાએ જાય ત્યારે તેમના પિતા અફીણની એક નાનકડી ગાંગડી શ્રીમોટાને આપતા અને તે ખાવાનો સમય થાય ત્યારે તે ખાઈ લેતા. એને લીધે અફીણનો અમલ ચઢે અને શ્રીમોટા સ્ફૂતિમાં રહેતા.

એક વાર એવું બન્યું કે પિતાએ આપેલી અફીણની ગાંગડી ખોવાઈ ગઈ. બહુ શોધી પણ ના મળી. અફીણ ખાવાનો સમય થયો. પણ ગાંગડી હોય તો ખાયને ! ગાંગડી ન ખવાઈ તેથી શ્રીમોટાને બગાસાં આવવા માંડ્યાં અને સુસ્તી ચડવા માંડી અને તે સાથે શરીરની નસો તણાવા લાગી.

એવામાં શિક્ષકે બધા વિદ્યાર્થીઓને એક દાખલો લખાવ્યો. આમ તો દરરોજ દાખલો લખાવે કે તરત જ શ્રીમોટા તે ઝટપટ ગણીને શિક્ષકને બતાવવા પહોંચી જાય. પણ આજે શ્રીમોટાના પેટમાં અફીણની ગાંગડી પહોંચી ન હતી એટલે તે ઢીલા પડી ગયા હતા. તેઓ ફરી ફરીને દાખલો ગણતા હતા તેમ છતાં તે કેમે કર્યો બેસતો નહોતો. તેઓ દાખલામાં મન પરોવવા ઘણુંયે કરે પણ કેમે કર્યું તેમનું મન તેમાં ચોંટે નહીં. છેવટે જેમ તેમ કરીને શ્રીમોટા શિક્ષકને દાખલો બતાવવા ગયા. પરંતુ દાખલો બતાવતાં જ શિક્ષકે સ્લેટ લઈને શ્રીમોટાના નામની મોટી ચોકડી પાડી. અને વધારામાં 'ધ્યાન કેમ નથી રાખતો ?' કહીને ઠપકો આપ્યો. દરરોજ સાચો હિસાબ ગણનારા શ્રીમોટા દાખલો ખોટો પડવાથી શરમાઈ ગયા. એક અફીણની નાનકડી ગાંગડી ન ખાધી અને તેનું પરિણામ શું આવ્યું ? બગાસાં આવવા માંડ્યાં, સુસ્તી

લાગવા માંડી, શરીરની નસો તણાવા માંડી, દાખલામાં ધ્યાન ન રહ્યું અને ખોટો પડ્યો. શ્રીમોટાએ હિસાબ માંડ્યો. નાનકડી અફીણની ગાંગડી કેટલું નુકસાન કરે છે ? તે વખતે જ એમણે મનમાં નક્કી કરી નાખ્યું કે હવે પછી અફીણની ગાંગડી ન ખાવી તે ન જ ખાવી.

નિશાળેથી છૂટી શ્રીમોટા ઘેર આવ્યા અને પિતાને તેમણે વાત કરી કે અફીણની ગાંગડી ખોવાઈ ગઈ અને તે ખાધી નહીં તેથી બગાસાં આવવા માંડ્યાં, સુસ્તી લાગવા માંડી અને શરીરની નસો તણાવા લાગી, શિક્ષકે દાખલો લખાવ્યો અને તે ગણવામાં ધ્યાન રહ્યું નહીં તેથી ખોટો પડ્યો. આથી શિક્ષકે ઠપકો આપ્યો અને લડ્યા. આમ કહેતાં શ્રીમોટા રોવા જેવા થઈ ગયા. શ્રીમોટાએ તેમના પિતાને કહ્યું કે હવે મારે અફીણની ગાંગડી ખાવી નથી એવું મેં નક્કી કર્યું છે. તેમની આ વાત સાંભળીને પિતાએ તેમને ગોદમાં લેતાં કહ્યું કે એમાં આટલો બધો ગભરાય છે શા માટે ? રોજ રોજ અફીણની ગાંગડી ઓછી ખોવાઈ જવાની છે ? એ તો કોક દિવસ આવું બને. શ્રીમોટાના પિતાએ અફીણની ગાંગડી કાઢી શ્રીમોટાને ખાવા આપી અને બોલ્યા કે લે આ ખાઈ જા. તને બધુંય મટી જશે. પણ શ્રીમોટાએ અફીણની ગાંગડી ન ખાધી તે ન જ ખાધી. શ્રીમોટા આ વાતને યાદ કરીને કહેતા કે ત્યાર પછી મેં અફીણની ગાંગડી કોઈ દિવસ ખાધી નથી.

*('ગુજરાતની સંતવિભૂતિ શ્રીમોટા', પ્ર.આ., પૃ. ૧૫થી)*

## સાચું હરિનું નામ

આપણને મનુષ્ય-જીવન મળ્યું છે. આ પૃથ્વીમાં મનુષ્યજીવન મળવું, બીજા જીવોના જીવન કરતાં દોહ્યલું છે. એ તો મહાદુર્લભ છે, એમ બધા બોલે છે. સાધુસંન્યાસીથી માંડી બધા સંસારી જીવો પણ એમ જ બોલે છે. આપણે તેવું બોલીએ છીએ પણ એનો ઉપયોગ કરતા નથી. મારી પાસે અહીં આવનારા પણ તેવું બોલે છે. પણ એ પ્રમાણે વર્તતા નથી. એ દિશામાં કોઈની ગતિ નથી. કોઈ સંસારી એમ કહે કે મારી પાસે રૂા. ૫૦,૦૦૦ છે, તો એ ચોપડે બતાવી શકે ખરોને ? જો લેવડદેવડનો ધંધો કરવો હોય તો પહેલાં જેની સાથે ધંધો કરવાનો હોય તેની શાખ તપાસશે અને તેમ કરશે તો લેવડદેવડનો ધંધો ચલાવી શકાશે. તેવી રીતે બધા કહે છે કે ભગવાનનું નામ એ સાચું છે પણ કોઈ તે લે છે ખરું ? મારા ગુરુમહારાજે તો મને દંડો આપેલો. મારું ચાલે તો બે લગાવી પણ દઉં. તારો સંસાર, બૈરી-છોકરાં, ધંધો સાચો છે. પણ તને ભગવાનનું નામ સાચું લાગતું નથી. અહીં આવનારાઓ પણ બહાનાં કાઢે છે કે કામ હતું. બહાનાં કાઢવાં તે તો દંભ છે. સાચી વાત કહેવાનો મારો ધર્મ છે. એટલે દંભ ન રાખવો. તમે મારા મિત્રો થયા હો તો સાચી વાત કરી દેવી. જો તમારાથી મારું કર્મ ન બને તો ના પાડવી. બને તો કરવું. તમે જો પ્રેમથી કરો તો જુઓ, થાય છે કે નહિ ? અહીં તો પ્રેમનું બંધન છે.

*('મૌનએકાંતની કેડીએ', પૃ. ૬૯-૭૦)*

# ૨. મૌન એકાંતનું રહસ્ય અને મૌનમંદિર

- શ્રીમોટા

(શરૂશરૂમાં મૌન એકાંતમાંથી બહાર આવનાર અને નવા સાધકો મૌનમાં બેસવા આવતા તેઓની સમક્ષ પ્રાર્થના બાદ પૂ. મોટા પ્રવચન આપતા તેમાંથી ફક્ત મૌનમંદિર વિશેનું જ લખાણ તારવીને લીધેલું છે. અત્યારે મૌનમંદિરના પ્રવેશ માટે સુરતમાં ૧ વર્ષ અને નડિયાદમાં ૧૦ માસ સુધીનું એડવાન્સ બુકિંગ થયું છે તેવે સમયે મૌનમંદિરોના મહત્ત્વની સૌને જાણ થાય એ માટે અહીં રજૂ કર્યું છે.)

માણસને પોતાની પ્રકૃતિમાં એ કેવો છે ? કેવો થશે એનામાં પડેલાં છે તે સમજવાની એને બહાર નવરાશ નથી. જ્યારે મૌનમંદિરની અંદર એ બધું ઊભરાય ત્યારે ઘણા અકળાય છે. પણ જો કોઈ સદ્ભાગી જીવ એને સમજીને એ રીતે પોતાને સુધારશે તો અમને સંતોષ છે.

પણ એકદમ એ ન થઈ જાય. જીવનમાં કરવા જેવું જો કોઈ મુખ્ય કર્મ હોય તો એ છે. એને જ મહત્ત્વ આપજો. અને દરેક કર્મ પોતાની પ્રકૃતિને સુધારવાને કરે, તો જ એનામાં ફેરફાર થાય. સ્વભાવને સુધારવા મથીશું અને જે અનેકની સાથે સંબંધ છે તે બધાં સાથે, સુમેળ, સદ્ભાવ આચરીશું તો જ એમાં ફેરફાર થશે.

મને એમ પણ લાગ્યું છે ભાષણ કરવાથી કંઈ વળવાનું નથી. એટલે મૌનમંદિરની અંદર બેસાડીશ તો કંઈક તો પોતા વિશે વિચારે અને એમ બધા ભગવાન તરફ જરા પણ વળી શકે એવી કોઈ યોજના હોય તો આ એક જ છે. આ સંસારવહેવારમાં અનેક પ્રકારની મુશ્કેલી, ગૂંચ, ચિંતા હોય છે. માંદા પડીએ તો ૭ દિવસ ખાટલામાં પડી રહેવાનો વાંધો નહીં. પણ મૌનમંદિરમાં ૭ દિવસ બેસવાનું હોય તો અનેક પંચાત. ઓચિંતો તાવ આવી જાય તો શું ? આ મૌનમંદિરોની રીત આખા હિન્દુસ્તાનમાં અનોખી છે. આ રીત મારી છે એટલે નહીં પણ આ જાતના સાધનથી માણસનાં મન જરાસરખાં પણ ભગવાન તરફ વળે, રાગદ્વેષ મોળા પડે, આશા, તૃષ્ણા, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે મોળાં પડે એ જ ખરી સેવા છે. એનો યશ મને નથી, મારા ગુરુમહારાજને છે. એમણે મને આ સુઝાડેલું અને ખરી સેવા આ જ છે એમ સૂચવેલું.

મૌનમંદિરમાં બેસનારના સંસ્કાર કેટલા ઊંડા પડે છે તે બેસનારાઓને સમજાય છે. એટલે સંસારવ્યવહારમાં આપણું મન ઘણી દિશામાં વહેંચાયેલું હોવાથી, મૌનમાં જેટલું સ્મરણ ઊંડું જઈ શકે તેટલું ઊંડું બહાર રહીને લેવાથી જઈ શકશે નહીં. એટલે આવા એકાંતમાં કોઈ પણ જાતની પ્રવૃત્તિ વિના રહીએ ત્યારે ભગવાનની ધારણા એટલી ઊંચે જ લઈ જાય છે. અને એ કારણે એ રોગ, દુઃખ મુશ્કેલી વગેરેમાં ખૂબ મદદરૂપ નીવડે છે.

**કોઈ સાધના કે ભક્તિ ન કરે તો પણ એને જેમાં ને તેમાં ભગવાનનું મહત્ત્વ લાગે, સમજાય, તો એમ માનવું કે એના દિલમાં ભક્તિ પાંગરવા માંડી છે.** બીજા કારણો આપે તો પણ ભક્તિમાં પાંગર્યો નથી એમ કહેવાય. કોઈ કહે કે એનો દાખલો કે પ્રયોગ આપી શકો ? મારો એક જુવાન મિત્ર ૭ દિવસ મૌનમાં બેઠો હતો તે ૭ દિવસમાં ભાગ્યે ૧૪ કલાક ઊંઘ્યો હશે. હું બાજુમાં જ ઓરડામાં સૂઈ જતો. મને પણ ઊંઘ આવતી નહોતી અને એણે એટલાં તો પુસ્તકો વાંચ્યા અને એમાંથી ઉતારા કરી મને વાંચવા મોકલ્યા. રોજના ૨૨ કલાક જાગવાથી તેની તબિયત બગડી ન હતી. અને એક ટંક ભોજન લેતો. ચા કે કૉફી પણ લેતો નહીં. એટલે જેનામાં ભૂમિકા કે તાકાત હોય ત્યાં જ ચેતનનો સ્પર્શ થાય છે.

મારા ગુરુમહારાજે મને કહ્યું કે તારે કોઈ ઉપદેશ કરવો નહીં. અને હું અહીં કશું ઉપદેશ કે કંઈ કરતો નથી. અહીં હરિઃૐ આશ્રમમાં કોઈ સમૂહગત પ્રાર્થના કે પ્રવચન નથી. ફક્ત મૌનમાંથી નીકળે ત્યારે પ્રાર્થના થાય છે.

એક એવો કાળ આવ્યો કે જ્યારે ભાષણિયાઓનો પંથ પણ નીકળ્યો. **મને મારા ગુરુમહારાજે કહ્યું કે,**

**"તું આ બધું રહેવા દે. આવા એકાંત ઓરડા બનાવ." એટલે આ જે બનાવ્યું છે તે મેં ગુરુમહારાજના હુકમથી બનાવ્યું છે.** અંદર બધાનું પોતાની અંદર જે ભરેલું પડ્યું છે તે બધું ઉભરાય છે. જે બધું ઉભરાય છે એ બધાનું એ પૃથક્કરણ કરી શકે છે. પોતાનામાં શું શું ભરેલું છે એ જાણવાની કદી કોઈને તક મળતી નથી. મૌનમંદિરમાં એ તક મળે છે. વળી અંદર ૧૬-૧૭ કલાક સુધી ભગવાનના નામની પ્રવૃત્તિ થયા કરે છે. અને એક જ જાતની પ્રવૃત્તિ કે ભાવનામાં વખત ગાળી શકે છે. પરિણામે એ જાતના સંસ્કાર એના ચિત્તમાં પડે છે. એ સંસ્કારનો ઉઠાવ થાય છે. એટલે કે એવા અભ્યાસની વધારે ધારણા જાગે છે. ત્યારે સંસ્કારો સૂક્ષ્મમાં પ્રવેશે છે. અને આપણા જન્મનો આધાર સૂક્ષ્મ સંસ્કારો પર જ રહેલો છે. આ પુનર્જન્મમાં માનતા હોય તેને માટે છે. આપણો આગળ જન્મ હતો અને બીજો થશે એનો આધાર સૂક્ષ્મ પર છે. સૂક્ષ્મ એ તો ઘરના ઉંબરા જેવું છે.

મૌનમંદિરમાં જે બેસે તેને ભગવાનનું સ્મરણ તો અખંડ ચાલે. મારો નાનો ભાઈ સોમાભાઈ આમાં માને નહીં. પણ એક વખત એ પરીક્ષા કરવા બેઠો અને એણે નિવેદન કર્યું છે કે મારે તો નામ લેવું જ નહોતું. છતાં અંદર કોઈ એવી શક્તિ છે કે તેના વડે નામ લેવાયા કરે છે.

**જેમ મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા થયા સિવાય પૂજા થઈ શક્તી નથી તેમ આવા જે પાંચ મૌનમંદિરો છે તેની પ્રાણપ્રતિષ્ઠા થઈ છે.** અહીં કોઈ પણ બેસીને જેની જે જાતની અભિરુચિ હોય તે જાતનું એ ભગવાનનું સ્મરણ લઈ શકે છે. વળી પોતાના જીવતાજાગતા કોઈ નરનો ફોટો રાખવો હોય તો તે પણ રાખી શકે છે. એવું કેટલાકોએ કર્યું પણ છે. કોઈ જાતની રૂઢિચુસ્તતા નથી, એટલે કોઈ બહાર આ અંગે પ્રયોગ કરી શકે. બહાર ૪-૫ ક્લાકથી વધારે કરી શકીએ નહીં. બહાર આવા બે જણાએ પ્રયોગો કરેલા છે. બધી જાતની સગવડ હોવા છતાં એ શક્ય નહોતું બન્યું. એટલે અહીં જે પ્રાણપ્રતિષ્ઠા છે તેથી ૧૬-૧૭ કલાક સુધી નામ લઈ શકાય છે. આ કંઈ મારી મહત્તા બતાવવા નથી કહેતો પણ જે હકીકત છે તે નમ્રભાવે કહું છું. માટે એકાંત ઓરડામાં પુરાઈને નામ લેવું એ માર્ગ છે. હું દર વર્ષે એકાંતમાં જંગલમાં એક મહિનો ચાલ્યો જતો. જ્યાં કશી વસ્તી ન હોય એવે ઠેકાણે સ્મરણ બહુ ઉત્તમ રીતે થઈ શકે છે. એનું સ્મરણ કરી જોઈએ તો સમજણ પડે.

એવી રીતે જે રિવાજ અનંતકાળથી ચાલ્યો આવે છે કે ભગવાનને ખાતર જીવન ફના કરી દે છે. તેમાં તથ્ય છે. જો રોગ થાય તો દવા લઈએ છીએ. તે રીતે **જો માનસિક શાંતિ જોઈતી હોય તો મૌનમંદિરના ઓરડામાં-એકાંતમાં બેસી ભગવાનનું નામ લો. ભલે શ્રદ્ધા ન હોય, તો પણ નામ લો. એનાથી શાંતિ મળે છે કે નહીં તે પ્રયોગ કરી જુઓ. રોજ બેસીને આત્મનિવેદન કરો. એને તમારો સાથી રાખો. મિત્ર હોય એમ એ તમારી સન્મુખ હાજર હોય એવી રીતે વર્તો, એ ભાવાત્મક રીતે હાજર હોય છે. એટલે ભક્તિના નવ પ્રકારમાં આત્મનિવેદન એક પ્રકાર છે.**

આજકાલ વિજ્ઞાનનો જમાનો છે. અને વિજ્ઞાનના કાળના તબક્કામાં જે તે બધું પ્રયોગથી સાબિત થાય ત્યારે લોકો માને એવી બધાંની બુદ્ધિ થઈ ગઈ છે. અને વાત સાચી પણ છે.

મૌન એકાંતમાં જે લોકો બેસે છે એને જે ભાવ જાગે છે તે જુઓ એને એટલું બધું રડવું આવે કે બીજા કોઈ પ્રસંગે ન બને. કોઈ મરી જાય કે એવી બીજી કોઈ જાતની લાગણી થાય ત્યારે પણ જે રડવું આવે તેનાથી હૈયું હળવું થઈ જાય છે. રાજકોટથી એક ફસ્ટગ્રેડ ઑફિસર આવેલા તે ત્રણ દિવસ સુધી એટલા રડેલા કે બાપજન્મારે એવું રડેલા નહીં અને બહાર નીકળીને કહે કે મારું હૈયું તો ખૂબ હળવું થઈ ગયું.

એવું જ ભગવાનના ભજન વિશે છે. બહાર કેવું થઈ શકે અને અંદર કેવું થાય છે એનો ફેર તમે

અનુભવીને પ્રમાણજો. ઘેર બેસીને જે થાય તે ખરેખરું થતું જ નથી. અહીં જે ભજન, સ્મરણ, પ્રાર્થના, ભાવ ઇત્યાદિ થાય છે તેવું ઘરે નથી થતું, તે આ પ્રયોગથી સાબિત થઈ શકે છે. આ અમે બનાવ્યું છે એટલે નહીં, પણ સો ટકા સાચી વાત જે અહીં એક બહેન બેઠેલાં તે એટલું રડે કે એ બંધ જ ન થાય અને પછી એણે ચિઠ્ઠી લખી કે મોટા તમે અહીં આવીને હરિઃૐ બોલો મેં એમ કર્યું ત્યારે એ શાંત થયાં.

એ પ્રમાણે ભાવ જુદી જુદી રીતે વ્યક્ત થાય છે. ચિત્રકારનો ચિત્રમાં, સાહિત્યકારનો સર્જનમાં એમ ભાવ વ્યક્ત થાય છે. પણ આપણે મધ્યમ કોટિના, તેનો પણ ભાવ કોઈ ને કોઈ રીતે વ્યક્ત થાય. ૨૧ દિવસ કે ૭ દિવસ સતત એવો ભાવ ન જન્મે. પણ અમુક તબક્કે એવું બને. આ પ્રયોગથી સાબિત થઈ ચૂકેલી હકીકત છે. **અમારા ગુરુમહારાજના હુકમથી જે ટેકનીક ઊભી કરી છે તે એક પ્રકારની સેવા છે.** મનુષ્યનું જીવન એક તલભાર પણ ઊંચું પ્રગટે તો એ મોટામાં મોટી સેવા છે. અંદર જે ભાવ પ્રગટે તેનો સંસ્કાર સૂક્ષ્મમાં પ્રગટે છે. એ ભાવના સંસ્કાર ઘણા ઊંચા છે. અહીં જેવો ભાવ બહાર પ્રગટે જ નહીં એ ભાવ અને એનાથી પડતા સંસ્કાર, હજારો રૂપિયા ખર્ચવાથી પણ ન મળે, ગાંધીવાદી વિચારસરણીવાળા પણ સેવા કરે છે. વિચારસરણી તો ગતિશીલ છે. પણ એ બાદ થઈ જાય. સંકુચિત થઈ જાય, મર્યાદિત થઈ જાય, ત્યારે એની દૃષ્ટિ મરી જાય છે. અમુક લોકો કહેતા હોય છે કે એ જે માને છે તે જ સેવા-બીજી સેવા નહીં.

**પણ મારા ગુરુમહારાજે જે કહ્યું છે જીવોની ગતિ કંઈ ઊંચી થાય, મનની ગતિ કંઈ ઊંચી થાય. કંઈ અભિરુચિ સારી પ્રગટે તો ઊંચા પ્રકારની સેવા છે. સેવાનો અર્થ સુખ છે. સુખ પામવું અને પ્રસારવું. સુખ શાંતિ વગર પ્રગટે નહીં. જો મન દ્વિધાવાળું કે દગ્ધ હોય તો સુખ મળે નહીં. એટલે સુખ મનની શાંતિ, પ્રસન્નતાથી જ મળે એટલે જેનાથી મનની શાંતિ પ્રસન્નતા કેળવાય તે ઊંચા પ્રકારની સેવા છે. અથવા એ પરત્વેની જેની અભિરુચિ જાગે એવી જે રીત છે તે ઉત્તમ પ્રકારની સેવા છે.**

**ગુરુમહારાજે હુકમ કર્યો કે જેનાથી માનવી મનને ઊંચી દિશામાં લેવાપણું બને એવી પ્રવૃત્તિ કરે અને પોતે પોતાનું પૃથક્કરણ, સંશોધન, પ્રાર્થના, અનુષ્ઠાન કરી શકે એવું બનાવે. માટે જીવોને અંદર પૂરી દે એટલે એની કૃપાથી જીવના હિતને ખાતર આ બનાવ્યું છે.** અમારે પ્રખ્યાતિ જોઈતી નથી અને અમારે પામવી પણ નથી. કારણ પ્રખ્યાતિ તો મળ જેવી દુર્ગંધવાળી છે. એમાં તો ટોળાં મળશે. એમાં કોઈને સુખ ન મળે. ટોળાં કોઈને જંપ ન વળવા દે. એ સુખીઓ જીવ હોય તોપણ, એના શરીરને ટોળાં ઉપાધિ કરે. એટલે પ્રખ્યાતિ તો અમારે જોઈતી નથી. મેળવવી નથી. એટલે આ લોકોના હિતને ખાતર બનાવ્યું છે અને અંદર બેસનારા જીવની મનની સ્થિતિ કેવી થાય છે તે અંદર બેસનારો સમજે.

એટલે મારી તમને પ્રાર્થના છે કે બીજા કોઈ ક્ષેત્રમાં તેમ અહીં મદદ કરો. આ તમને હું સમજાવી શકું છું.

તમારા મનની સ્થિતિ ઊંચી નથી, ભાવના વધી નથી, ત્યાં સુધી સેવા સાચી ન નીવડે, તમે સાત્ત્વિક પ્રકૃતિના ન હો, તો જ્યાં તમે સેવા કરશો ત્યાં ભેદ જગાડશો. કારણ પ્રકૃતિ સામ્યદશાવાળી ન હોય, ભેદ ગયો ન હોય, તો જ્યાં જશો ત્યાં ભેદ વધારશો.

**આ સાધન કોઈ સંપ્રદાયનું નથી. એમાં કોમનો પણ ભેદ નથી. બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર ગમે તે બેસી શકે.** નડિયાદમાં હરિજનને બેસાડવાનો પ્રશ્ન આવ્યો ત્યારે કોઈ કહે "પછી બીજા નહીં બેસે" ત્યારે અમે કહેલું કે "અરે, જ્ઞાનમાં ભેદ ન હોય, સમજણમાં ભેદ પ્રગટે તો વાંધાવચકા જાગવાના. એટલે ભેદ હંમેશા દુઃખનું કારણ છે. એ તો જેને બેસવું હશે તે બેસશે." કારણ કે ગુરુમહારાજનો હુકમ છે કે ભેદ ઘટાડવા.

***('હરિવાણી', ૧૫-૭-૧૯૮૫, પૃ. ૧૦-૧૨માંથી સાભાર)***

## ૩. સાધક અને પતિપત્ની સંબંધ

- સંકલન : ડૉ. રમેશ ભટ્ટ

### પત્નીના જીવનમાં રસ લેવાની રીત

**સ્વજન :** મોટા, મારે જીવનનો વિકાસ કરવો છે. મારું લગ્નજીવન એમાં વાંધારૂપ બને ? પત્નીને જીવન-સાધનામાં રસ ન હોય તો શું કરવું ? હું પત્ની સાથે ઘણા નમ્રભાવથી વ્યવહાર કરું છું.

**શ્રીમોટા :** આપણી જીવનસંગિનીને આપણી સોબતથી જો આપણે ઊંચા ન લઈ શકીએ તો પછી આપણું એમની સાથેનું જોડાવાનું પ્રભુએ બનાવ્યું તે હેતુ જ માર્યો જાય. તમે નમ્રતા રાખો છો તે ઠીક છે, પણ ફૂલની વાસ જેમ આવ્યા વિના રહી શકે નહીં તેમ જીવનના સંસ્કારોની છાપ પણ પડ્યા વિના રહી શકતી જ નથી. એટલે જીવતરનું ઘડતર જેમ જીવન આપી આપીને જીવન મેળવવામાં કરાય છે તેમ જીવનને યજ્ઞરૂપે જીવવાથી જ થયા કરવાનું છે. જ્યાં જ્યાં જે જે જીવનો આપણને સ્પર્શ થાય ત્યાં ત્યાં એમના સ્વભાવને પારખી એમનામાં એમની રીતે ભળીને એમને જાણીને એમ છતાં એમનાથી પાછા તટસ્થ રહીને જે કંઈ થયા કરવાનું બને તે આપણે કરવું જ જોઈએ. અને સેવા જેમ એકાંગી નથી તેમ તેમની સાથેના જીવન સંપર્કથી તેમના જીવનની રહેણીકરણીમાં આપણે લીધે કંઈ કશું ન બની શકે તો મારા જેવા ફૂટેલા તુંબડાના જેવું તમારું પણ થયું ગણાય. આપણે એવી આશા રાખીને તેમનામાં પ્રવેશવાનું ન કરીએ, પરંતુ તેમનામાં કંઈક પણ જીવનની સંસ્કૃતિ પ્રવેશે તો જ તમારી એમ.એ. સુધીની કેળવણી અને શાસ્ત્રોનો અભ્યાસ એ બધું યથાર્થપણે થયું ગણાય.

### સ્ત્રી પ્રત્યેનું દષ્ટિબિંદુ

**સ્વજન :** મારી પત્ની સાથે ઘણી બાબતમાં મારે બિલકુલ બનતું નથી અને વારંવાર ઝઘડો થયા કરે છે.

**શ્રીમોટા :** તમારી પત્ની સાથેનો તમારો કલહ તમારું પોતાનું માનસ સૂચવે છે. હિંદુ સમાજનો પતિ પોતાની પત્નીને માત્ર એક વૈતરું કરનાર મફતના મજૂર જેવી સમજે છે. વળી, એની મારફતે તે પોતાની હવસો પણ સંતોષી શકે, પોતાની સેવા પણ ઉઠાવડાવે, પોતાના ઘરની વ્યવસ્થા સચવાવડાવે ને ભઠિયારાનું કામ પણ કરાવે. તેમ છતાં પોતે એના પર રુઆબ ચલાવે એ તો જુદું. આવું તો માત્ર આપણા જ દેશમાં સ્ત્રીઓ સહન કરી શકે છે. એ કંઈ ગુલામ નથી, તેમ છતાં આપણા લોકોનો વર્તાવ એના પ્રત્યે એવો જ છે. આપણો જુવાન વર્ગ એના પ્રત્યે કેવા હલકટ હવસની નજરે જુએ છે. એ જ આપણા સમાજની પડતીનાં કારણો છે. **જે સમાજની માતા છે, સમાજને ઉછેરનારી છે એની જેવી જમીન હશે તેવી પ્રજા થવાની છે એનું જીવતું ભાન આપણા જેવા ભણેલાને થયું નથી એ પણ એક કમનસીબીની વાત છે.**

આપણા સમાજમાં સ્ત્રીનું જીવન તો નર્યું કચડાયેલું છે. નાનપણથી જ એને કહેવાય કે, ''તું તો છોકરી છે. તારાથી આમ ના થાય, તેમ ના થાય.'' મોટી થતાં અમુક તરેહતરેહની એના ફરતી વાડો ચણાય, બંધાય. એ બધાંની માનસિક અસર એના પર થયા વિના રહી શકતી નથી. સ્ત્રીને પરણ્યા પછી ઘરના વાતાવરણને અનુકૂળ થતાં જે માનસિક જહેમત ઉઠાવવી પડે છે એના પ્રત્યે સહાનુભૂતિ ભર્યું કોઈનું વલણ નથી. તડામાર કરતી સાસુ વહુને હેઠી પાડવા તૂટી પડવા તૈયાર હોય છે. સંયુક્ત કુટુંબની મઝા આજે નષ્ટ થયેલી છે. આમ, અનેક રીતે આપણા સમાજનું સ્ત્રીત્વ હણાતું આજે દેખાય છે. એવી સ્થિતિમાં આપણે જે જીવન જીવનની બૂમો પાડનારા છીએ એની ફરજ-ધર્મ-કંઈ નહીં તો **આપણા ઘરની**

**શોભાને યોગ્ય ધર્મ પ્રમાણે નવાજી શકીએ તો એનાથી થનારી પ્રજામાં કંઈક પ્રાણ-ઉષ્મા પ્રકટી શકવાનાં છે ને તેટલી સેવા પણ નકામી જવાની નથી.**

ઘણા જુવાનિયા બહારથી કંટાળેલા, ત્રાસેલા, નિરાશા પામેલા ઘરે આવીને પોતાની રીસ કે માનસિક વ્યથા બૈરીના ઉપર કાઢે છે. યા બૈરીના તરફથી એવું નજીવું કંઈ કારણ મળતાં તે એના પર ઊતરી પડે છે. તે વેળા એની પાછળની ભૂમિકા પરનું જામેલું વાતાવરણ જ મુખ્યત્વે તો, આવા ઝઘડાઓમાં, કામ કરી રહેલું હોય છે. એટલે આપણા જેવાઓએ, જો બીજું ઝાઝું ન કરી શકીએ તોયે, ઘરના જીવનને પણ ખીલતું રાખી શકીએ તો આપણી પ્રજા પણ કંઈક એ પ્રકારની થશે. **બાકી તો આપણે રંડાયેલા જેવા જીવીએ ને બાળકો પણ તેવાં થવાનાં છે અને સમાજનો એક પ્રકારનો ભાર ઋણ આપણે વધારવાનાં.** વિચારપૂર્વક, સમજપણપૂર્વક જીવન જીવવાનું આપણને સૂઝયું જ નથી. જેમ ઊર્મિ ઊઠી કે બસ - તેની પાછળ તણાઈને તે પ્રમાણે વર્તવાનું જ કર્યા કરીએ છીએ. 'આવ ભાઈ હરખા આપણે બંને સરખા.' એ વાળી આ તો વાત છે. એટલે આમાંથી જે આશ્વાસન મળે તે લેજો. બાકી તો આપણા સહુનો પ્રભુ છે જ. એને જોવાનું, જાણવાનું, પામવાનું દિલમાં ઊગેને તો તે જીવતું બને એ જ પ્રાર્થના.

### બીમાર પત્નીની સેવા

**સ્વજન :** હું મારી બીમાર પત્નીની સેવા કરું છું તો મારાં સગાંઓ મારી ટીકા કરે છે ત્યારે મને મનમાં ખૂબ જ ખીજ ચઢે છે.

**શ્રીમોટા :** તમારી પત્ની એની તબિયત વિશે કશા વિચાર ના કર્યા કરે તે ઘણું જરૂરનું છે. **શંકાવાળું માનવી સાચું મૃત્યુ આવતાં પહેલાં અનેક વેળા મરણ પામે છે.**

પોતાની પત્ની રોગી હોય ને એની સેવા કરતાં લોક આપણને નિંદે તો ભલે. એ તો આપણો ધર્મ છે. પરંતુ તેવો સદ્‌ભાવ ને પ્રેમભાવ જીવનનાં જે બીજાં સગાં છે તેમની પ્રત્યે પણ વહેવા દેવાનો હોય જ. ભગવાન કોઈનું કંઈ અડી રાખતો નથી.

જે આશા કરે છે કે રાખે છે એની એવી આશાને નિષ્ફળ બનાવવામાં જ તેમના જીવનનું કલ્યાણ છે એમ મને લાગે છે.

આપણા વિશે ભલેને ગેરસમજૂતીઓ ફેલાય, પણ આપણું સર્વ પ્રકારનું મૂળથી સર્વ ભાવે-પ્રેમકલ્યાણ-ભાવે ભૂંસાઈ જવું ઘટે. વ્યાવહારિક માનવીઓ ભલેને ગમે તેવો એથી એનો અર્થ કાઢે કે સમજે, પણ આપણે તો દિલમાં સર્વ પ્રતિ સદ્‌ભાવ જ જીવતોજાગતો રહ્યા કરે એટલું જ જોવાનું છે.

### દંપતીનો આદર્શ

**સ્વજન :** મોટા, આપ કહ્યા જ કરો છો કે બધા જ સંબંધોમાં પ્રભુભાવ ધારીને વર્તવું જોઈએ. હું એ વાત સ્વીકારું છું, પણ પત્ની, પુત્ર વગેરે સંબંધો સાધનામાં, ભક્તિમાં ઘણી વાર અંતરાય પાડે છે. જુઓ ને પોંડિચેરીના શ્રીઅરવિંદ આશ્રમમાં તથા પૂ. રમણ મહર્ષિના આશ્રમમાં લોકો એકલા જ રહીને સાધના કરે છે ને ! હા, એક પૂ. અંબુભાઈ પુરાણીનો અપવાદ છે.

**શ્રીમોટા : બાળકના બરાબર ઉછેરનો તથા એના વિકાસનો પૂરેપૂરો આધાર, તમારા બંનેના સુમેળ પર ને તમારા બંનેના જીવનની દૃષ્ટિ, વૃત્તિના વર્તન વલણ પર છે. બાળક એ ભવિષ્યની સમાજની પ્રાણ-ચેતનક્તિ છે, ને સમાજનો એ નિર્માતા છે.** એ જો આપણને સમજાતું હોય તો બાળકના ઉછેરમાં માતા-પિતા - બંનેને રસ લાગવો જોઈએ. જીવનમાં જે જે મળેલાં છે એમને તેમની સાથે તેવા તેવા સંબંધના ભાવથી રહીને હૃદયથી તે તે પ્રભુભાવથી - તેમની તેમની જે સેવાભક્તિ, જે જ્ઞાનપૂર્વક તલ્લીનતાથી કરી શકે છે તે પ્રભુનાં જ ભક્તિ જ્ઞાનયોગમાં જોડાયેલાં રહી શકે છે. **જે મળેલાં સાથે**

**પણ સંપૂર્ણ પ્રેમભાવે જો કશું નથી કરી શકતાં, ને એમને અવગણીને - તિરસ્કાર કરીને ભગવાનને ભજવાને જાય છે તે નથી ભજી શકતો ભગવાનને કે નથી ભજી શક્તો પોતાને.** બુદ્ધિ કહેશે કે પોંડીચેરીમાં પૂ. શ્રી રમણ મહર્ષિને ત્યાં તથા પૂ. રામદાસ સ્વામીને ત્યાં જે અનેક સાધકો રહે છે તેમણે તેમનાં પોત પોતાનાંને છોડ્યાં જ હશેને ? પણ પૂ. પુરાણીજીનાં પત્ની તથા તેમનાં દીકરીનો મને જે ચાર દિવસનો નજીવો મેળાપ ત્રિચિમાં થયો હતો તે પરથી કહી શકું છું કે તેઓએ, ખાસ કરીને પૂ. પુરાણીજીએ તેમને કદી પણ છોડ્યાં નથી. કોઈના મોટાં મોટાં છોકરાંને આશ્રમમાં રાખવાની રજા નથી હોતી, પણ શ્રી પુરાણીજીએ પોતાની દેખરેખ નીચે પોતાની દીકરીને રાખીને ઉછેરી છે ને મોટી કરી છે ને પોતાની પત્નીના જીવનમાં પણ તેઓ રસ આનંદ લઈ રહેલા છે, બીજાની વાત જાણતો નથી.

તારો વાંક તને નથી વસતો કે તેવું તારું જોવાને તને મન નથી થતું. તે એક મોટું દુર્ભાગ્યનું ચિહ્ન હું ગણું છું જે માનવીને પોતાના દોષ સૂઝતા નથી તે કોઈ ને કોઈ નિમિત્તે એના બચાવ કરવાનું જેને સૂઝે છે તે કદી પણ યોગ્ય થઈ શકતું નથી.

સુખની એક જાતની ને એક સરખી એક જ વ્યાખ્યા થઈ શકે તેવું નથી. સુખ તો, પ્રત્યેક માનવી પોતાની સુખની કલ્પના પરથી જ ઘડી કાઢતું હોય છે, ને સુખની કલ્પના કદી કોઈ પણ પરિસ્થિતિમાં એક પ્રકારની એકસરખી રહી શકતી નથી, તે કલ્પના તો બદલાતી ને ફરતી રહે છે. એટલે જે સુખની કલ્પના જિંદગીના જુદા જુદા તબક્કે કર્યા જ કરતી હોય તે સુખમાં મજા પણ શી ? આપણે તો એકધારું, અખંડ અવિનાશીને સનાતન સુખ છે તે મેળવવાને પતિ-પત્નીરૂપે ભેગાં થયેલાં છીએ. પતિ-પત્નીનો સંબંધ એવું સુખ મેળવવા માટેનો છે તે આપણા જીવનનો આદર્શ હોવો ઘટે.

તમે બન્ને જીવનમાં સરળ ભાવે, સહાનુભૂતિથી તાદાત્મ્યભાવે જીવનના મહાઆનંદમાં ગરકાવ થયાં હશો અથવા એવું વલણ બન્યું હશે ત્યાં લગી ચેન કે જંપ વળવાનો નથી. ભલે ને કેટલાયે જન્મો વહી જાય એની શી ચિંતા છે ? હું તો ભૂત જેવો તમને વળગતો રહેવાનો જ છું. એની ખાતરી પ્રભુ તમને એની કૃપાથી કરાવ્યા વિના રહેવાનો નથી તે જાણજો. તારી પત્નીને કહેજે કે બાબાની પ્રેમભાવથી જાળવણી કરે. એને સુવાડતાં, ધવડાવતાં મજાનાં ભજનો ગાય. પ્રભુનું નામ હૃદયથી લેતી રહે. પ્રભુ જ મોટો છે. આપણે તો બધા સાવ પામર છીએ.

### પત્નીભાવના

**સ્વજન બહેન :** મોટા, ઘરનું માણસ જે કાંઈ કરે એ સાચું છે એમ મનાતું નથી.

**શ્રીમોટા :** જે કંઈ કરીએ તે આપણે બન્ને એટલે કે તમે બંને એકબીજાના જીવન વિશે સુમેળ સાધીને કરવાનું રાખો. **જીવનમાં જે હેતુથી બંને જીવાત્માઓ ભેગા મળ્યા છે એ હેતુની આડે જાણેઅજાણ્યે આપણાથી કદાપિ નિમિત્ત પણ ન થવાય તે ધ્યાનમાં રાખવું. જીવન ક્લેશ, કંકાસ કે એવા કોઈ સાંકડા વહેણને માટે નથી.**

તને જે કહું છું તે બરોબર કૃપા કરીને લક્ષમાં રાખજે અને વર્તનમાં ઉતારજે. **જીવનમાં આપણે જેને મળેલાં છીએ તેનું હૃદય અને સદ્ભાવ જો ન મેળવી શક્યાં તો પછી જીવતરનો કંઈ અર્થ નથી.** એટલે તારે તો કશા વિચાર જ ન કરવા અને મારો પતિ કહે તે સત્યાવીસ એમ માનીને સમતાથી પ્રેમભાવે વર્તવું, **એ ગમે તેવું ઊંધું કહે તોયે આપણે મનને શરણભાવમાં રાખવાનો પ્રયત્ન કરવો.**

**સ્વજન બહેન :** તો પછી મને એમ થાય છે કે **સ્ત્રી એ શું ગુલામ છે ? બધે જ શું પુરુષનું જ કહ્યું ચાલે ? અમારે માટે કોઈ અવાજ જ નહીં ?**

**શ્રીમોટા :** આપણને એમ થાય કે **શું ત્યારે બૈરાં એટલે ગુલામ ? પરંતુ એ વિચાર તદ્દન અજ્ઞાનનો અને મૂર્ખામીનો છે.** જગતમાં જાણ્યેઅજાણ્યે ભલે તે પુરુષ હોય કે સ્ત્રી-એકબીજાનાં કહેવા પર જ ચાલતાં હોય છે. **ઘરના ક્ષેત્રમાં સ્ત્રીને દેખીતી રીતે ભલે પુરુષનું કહ્યું કરવાનું આવતું હોય. પરંતુ સૂક્ષ્મ રીતે બીજી ઘણીયે બાબતમાં સ્ત્રીનું જ ચાલ્યા કરતું હોય છે અને પુરુષને ઘરના ક્ષેત્રની બહાર બીજાનું જ કહ્યું કરવાનું હોય છે.** એટલે એ વિચાર તારે ન કરવો અને **સાચા પ્રેમની ભાવનામાં ગુલામીનો પ્રશ્ન ઊઠતો જ નથી. આપણને સાચા પ્રેમની ખબર નથી એટલે જ આવી બધી મથામણો ને મંથન થાય છે.**

તું જે અનુષ્ઠાનની વાત કહે છે તે ત્યારે જ બની શકે જ્યારે તને જે ક્ષેત્ર મળ્યું છે તે ક્ષેત્રમાં તું તારાથી સઘળું કરીને બધાને પ્રિય થઈ પડે. કોઈ કહેશે કે એ તો થવું અશક્ય છે. આપણે ગમે તેટલું કરીએ તોયે બીજું કોઈ ન રીઝે તેને આપણે શું કરીએ ? પરંતુ આપણે જે જે કંઈ કર્યું છે તે પૂરતું હૃદયથી કર્યું છે. કે કેમ અથવા કરીએ છીએ કે કેમ તેની મને ખાતરી થવી જોઈએ. પછી આખું જગત ભલે ને તમારાથી રાજી થાય કે ન થાય તેની મને પરવા નથી પરંતુ આપણાથી બને તેટલું સર્વસ્વ ને મન-હૃદયના અત્યંત પ્રેમભાવથી ભગવાનની ભાવનાએ તેમાં જો તેવી તેવી રીતે કરવાનું રાખીએ તો આપણું ખોટું બોલવું તો ઓછું થશે. આપણા હૃદયમાં જો શુદ્ધ ભાવના હશે અને આપણું વર્તન જો નિર્મળ હશે અને એની મને પોતાને ખાતરી થઈ હશે તો જગત બોલે તેનો વાંધો ન હોય. તેમ છતાં **જગતમાં પ્રભુ વ્યાપેલો છે એટલે જગતની અવગણના કે તિરસ્કાર આપણાથી ન થાય. એને પણ આપણે તો ભગવાનભાવે નમવું જ રહ્યું. એવો આ દોહલો માર્ગ છે.** એટલે એ બધો વિચાર કરીને તું તારો વિચાર જણાવજે.

વળી, આ માર્ગમાં પ્રવેશ પામવો એટલે ગૃહસ્થ જીવનના ને સંસારી ખ્યાલો ઉપર મોટો કુહાડો પડશે. માટે તે રીતે જીવન જીવવાનું કેટલું કઠિન છે એનો અત્યારથી તારે વિચાર કરી લેવો ઘટે. માનવીને સહજ એવી ઇંદ્રિયોને (ઇંદ્રિયો પાંચ છે) અને તેમની તે તે બાબતની વૃત્તિઓને અનેક રીતે હરી લેવાનું કે લઈ લેવાનું એમને એમ બની શક્તું નથી.

બાળક માતાને પોતાના હાસ્યથી આનંદ પણ કરાવે છે અને પોતાનું મળ પણ મા પાસે સાફ કરાવડાવે છે. એવા આપણે જો મા પાસે બાળક બની જઈએ અને આપણી વૃત્તિઓને તેનામાં સમાવી શકવાને મનહૃદયની ઉત્કંઠ તમન્નાપૂર્વકની ભાવનાથી આપણી જાતને તેનામાં સમાવીએ તો મા મળ પણ સાફ કરે.

આ બધું કહેવામાં શબ્દથી બોલવામાં સહેલું છે. પળવાર થતી નથી. તેની યોગ્યતા સમજમાં ઊતરે તેવી છે. હકીકતપણે સાચું હોય તેમ પણ લાગે છે. પરંતુ તેવું થવામાં જ ખરી રમત રહેલી છે. એટલે એવું થવું હોય અને સંસાર એ તપશ્ચર્યાની ભૂમિકા છે એમ જો દિલમાં ઠસાવવું હોય, મનાવવું હોય એ મનને તે પ્રમાણે વર્તાવવા કરવું હોય તો મારી તો તૈયારી છે.

જગત તો પારકી વાતો કરવામાં જ હમેશાં રાચતું આવ્યું છે અને રાચ્યા કરશે. પરંતુ આપણે બને તેટલો તેમાંથી ધડો લેવાનું રાખવું. મારે મન તો સ્ત્રીપુરુષ એ જુદાં નથી. પરંતુ સમાજની જૂની રીતભાતો અને અનેક પ્રકારની માન્યતાઓ જે છે તે જ પ્રમાણે જગત તો બોલવાનું. એટલે આપણે એમાંના એક ન થઈએ અને આપણે જગતથી પર થઈને વર્તીએ અને સર્વ કંઈ કરતાં ભગવાનનું જ નામ લીધા કરીએ અને કંઈ આડુંઅવળું થતાં એ વહાલાંને જ આપણું બધું સોંપીએ ને આ બધું કરવામાં જો આપણો હૃદયનો સાચો ભક્તિભાવ હશે તો ભગવાન તે તે

બધું આપણું સંભાળ્યા વિના રહેવાનો નથી. તે ખચિત માનજે. બાબાને મારા વતી રમાડજે. એને ખૂબ ભજનો સંભળાવજે.

**સ્વજન :** હવે તો હું આપે સૂચવ્યા પ્રમાણે .... વગેરે કરું છું. મારી પત્ની પણ એમ કરે છે.

**શ્રીમોટા :** તમે હવે નિયમિતપણે સાધના અને ધ્યાન કરવાનું રાખ્યું છે તે જાણી મારા જીવને તો આનંદ થયો છે, જે મસ્તીખુમારી, તેમ જ શ્વાસોચ્છ્વાસ પર ધ્યાન રાખી હૃદયના ધબકારા સાથે જવા કરવાથી તમને જે આનંદ અનુભવાયો તે ભલે નજીવું હોય, પણ મારે મન તો એક મોટા આશ્વાસનરૂપે છે તમારા પત્ની પણ ધ્યાન-ત્રાટક કરે છે એ મારે મન આનંદની વાત છે.

ભગવાનની ચેતનાશક્તિ કે તેની ભાવના આપણા જીવનમાં જે કંઈ થોડીઘણી છે તેના વડે કરીને આપણને મળેલી પરિસ્થિતિ - મળેલાં કર્મ - મળેલા સંજોગો - મળેલા સંબંધો એ બધું તેને જીવતું રાખવાને અને જે પ્રકારે જે મળેલાં છે તે રીતે જ આપણે તેનો ઉપયોગ કરવાનો છે.

**હું તો માનું છું કે પતિ-પત્નીએ સાથે મળીને અને હૃદયના સહકારથી જીવનના ક્ષેત્રમાં ઝુકાવવાનું હોય છે. કોઈ કોઈનું કશું કામ જુદું હોતું નથી. એટલે આપણે તો ક્યાંયે જુદાપણું નથી.** પરંતુ આપણને જે યોગ્ય રીતે ન સમજી શકતા હોય તેવું કોઈ હોય ત્યારે એકબીજાના ઘરમાં થતાં વર્તન વિશે તેને ગેરસમજ ન જાગે તેવી રીતે તેવાની સાથે જ્ઞાન પણે જેટલું તેના યોગ્યપણામાં જાગે તો તે ન સમજનાર વ્યક્તિને પણ આપણા વિશે આકર્ષવાને પણ સંભવ રહેશે. આપણા અજ્ઞાન વડે કરીને કોઈનાયે હૃદયનો પ્રેમભાવ આપણે ન ગુમાવી બેસીએ તે તો આપણે સમજીએ છીએ, કારણ કે કોઈનોયે પ્રેમભાવ એ તો આપણા જીવનની મૂડી કે જીવનની શક્તિ સ્વરૂપે છે.

## સ્ત્રીનું જીવન

**સ્વજનબહેન :** હવે તો મોટા, આપના કહ્યા મુજબ વર્તવા હું ખૂબ મથું છું.

**શ્રીમોટા :** તારા સાથ વિના તારા પતિથી ઊડી શકાવાનું નથી તે વાત સાચી છે. ઘરનું વાતાવરણ પ્રેમ ભાવથી ભરપૂર શાંતિવાળું તો તું જ રાખી શકે.

સ્ત્રીનું જીવન પુરુષજીવન કરતાં અનેક શક્યતાઓથી ભરેલું છે અને ચઢિયાતું છે. જેનામાં સર્જન કરવાની શક્તિ છે તેનું સ્થાન હંમેશા ઊંચું છે. એટલે તારા પર અમારા બધાનો આધાર છે. તું સમજે તો સર્વ કંઈ શકય છે. માટે **સદાકાળ હૃદયની ભાવનાનું સુમેળનું વાતાવરણ એક જીવતા યજ્ઞ રૂપે સતત પ્રગટયા કરે એટલું કામ કૃપા કરીને કરજે. પુરુષ કદાચ છેતરી શકે. પરંતુ માતાઓ અને બહેનો તો અનન્ય શ્રદ્ધાથી જેને વળગે અને વળગી રહે છે.**

*('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ'માંથી સંકલિત)*

•

સાધક એટલે જગતના અભિપ્રાયો અંગે તદ્દન બેપરવા એવો એનો અર્થ નથી. પોતાનું સંપૂર્ણપણે, સર્વ દૃષ્ટિથી પ્રમાણિકપણે યોગ્ય વર્તન હોય - તો પણ સાધકે જગતની અવગણના કરવાની નથી.

જેમ વિચાર આવે તેમ વર્તી નાખવાનું યોગ્ય ન ગણાય. આપણને સમજણ ના પડે એમ કહેવાથી કંઈ દી વળવાનો નથી. જેમ કર્મના સંસ્કાર કે બંધન તે ન સમજવા છતાં પડ્યાં જ કરવાનાં છે, તેમ કંઈ નહિ સમજવા છતાં તેનું પરિણામ ભોગવવામાંથી આપણે કદી છટકી શકવાના નથી. અને વ્યવહારુપણાનો સ્પષ્ટ ખ્યાલ રાખ્યા વિના ગમે તેમ વર્તીશું તો એમાંથી જીવનનો સુમેળ કદી પણ સાધી શકવાના નથી.

**— પૂ. શ્રીમોટા**

*('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', દ્વિ.આ., પૃ. ૫, ૪૨, ૫૧, ૫૯, ૬૨, ૭૯)*

# ૪. સદ્‌ગુરુને આપણામાં જીવતા કરવાની રીત - શ્રીમોટા

પછી મને એમ થયું કે આ બરોબર નહિ સાલું. બે-ચાર વખત એ સ્વપ્નમાં પછી એણે મને. પછી તો હું કાંઈ એમ નહોતો માનતો કે આ મિથ્યા છે. સાચું જ માનતો. Reality તે પછી... પછી એને મેં જાગ્રત કર્યા. મારા પોતાનામાં. પ્રયત્નથી સાહેબ. એમ ને એમ નહિ. મને કાંઈ ભક્તિ લાગી ગઈ નહોતી. આ તો પેલું સાધન તમારાથી ના થઈ શકે તો પ્રત્યક્ષ સાધન કેવી રીતે થઈ શકે. સદ્‌ગુરુમાં જીવ કેવી રીતે તમે દાખલ કરી શકો. એ સાધનાની રીત મેં કરેલી તે બતાવું છું. આ પ્રશ્ન એવો છે કે આ મારે ખુલ્લું થવું જ પડે.

એટલે વારંવાર દિવસમાં એને મારી સામે લાવું. પચાસવાર, સાઈઠવાર, સિત્તેરવાર, સોવાર, બસોવાર એમ કરતાં કરતાં દોઢ વર્ષમાં continuity થઈ. પછી બધી વાત કરું એને. જે તે બધી વાત કરું સાધનાનું પૂછું. બધું બતાવે બધું કહે. કાને સાંભળી શકાય. કોઈ વખત પ્રત્યક્ષ દેખાય નહિ પણ કાને સંભળાય. બધી વાત સંભળાય. અને સાહેબ તે વખતે જે ઓથ આપણને મળે છે. જે પ્રાણ પ્રગટે છે આપણામાં. જે ચેતન પ્રગટે છે. કોઈ નવા પ્રકારનું છે. પણ અનુભવે જે સમજણ પડે. એવી રીતે ગુરુમાં ચિત્ત લગાડી જુઓ. હું તૈયાર છું હજુ. મરતો મરતો. આ શરીરને ભલે છોત્તેર થઈ ગયાં. આ સીત્તોતેરમું બેસશે. પણ હજુ હું તૈયાર છું. કોઈ આવે મરદ બચ્ચો સામે મેદાનમાં. મારી તૈયારી છે. પણ મારી શક્તિ નહિ ભગવાનની શક્તિથી. ભગવાનની શક્તિથી મારી તૈયારી છે. પણ હજુ સુધી કોઈ જીવ એવો મળ્યો નથી, કે મારામાં જેણે ચોવીસે કલાક મન રાખ્યું હોય. કામ કોઈ મારું કરે છે. એ હું કબૂલ કરું છું, પણ એ તો હથિયાર છે. એને ખબર નથી. એ ભલે એમ મનથી માનતો હોય કે હું ભગત, મોટાનું આટલું બધું કામ કરું છું. પણ એ માત્ર મારા ભગવાનનું હથિયાર છે. એ તો mechanical હથિયાર છે. તે વખતે એને મનમાં કામ કરતી વખતે મોટાની કે ભગવાનની કાંઈ કશાની સદ્‌ગુરુની સભાનતા ક્યાં છે ? તો કામ કરે છે. ને કામ તો પ્રકૃતિવશાત્‌ થઈને સ્વભાવવશાત્‌ થઈને કર્યા કરે છે. આ નહિ કરશે તો બીજા કરશે. તમે બુદ્ધિથી વિચારજો. મારું ખોટું હોય તો મને કહેજો. મને મદદ કરે છે, એનો હું આભાર માનું છું ને મારા ભગવાનને હું પ્રાર્થના કરું છું એને કલ્યાણની ગતિ આપે. એને ભગવાન તરફ પ્રેરે. કોઈ કર્મ કરે છે તેથી હું એક જ્ઞાનીની માફક ઉસમેં કયા હૈ ? ઉસકા ધર્મ હૈ. વહ કરતા હૈ એમ નથી કહેતો. હું કહુ છું ખરો.

*('શ્રીમોટા-વાણી', દ્વિ.આ., પૃ. ૩૪-૩૫)*

•

## ગયેલા આત્માને...

૧. અમદાવાદ નિવાસી પ્રેમીલાબેન વિનોદચંદ્ર મોદીનો દેહાંત તા. ૨૬-૮-૨૦૧૯ના રોજ થયેલ છે.
૨. જૂના બિલોદરા, નડિયાદ નિવાસી પશીબેન સોઢા (કાભાઈના માસી)નો દેહાંત તા. ૨૮-૮-૨૦૧૯ના રોજ થયેલ છે.
૩. નડિયાદ નિવાસી હરમાનભાઈ પટેલનો દેહાંત તા. ૩૦-૮-૨૦૧૯ના રોજ થયેલ છે.
૪. નડિયાદ નિવાસી ગૌરાંગ કાંતિલાલ શાહ (શ્રી પરેશભાઈ શાહ, મેનેજર હરિઃૐ આશ્રમ, નડિયાદના નાનાભાઈ)નો દેહાંત તા. ૬-૯-૨૦૧૯ના રોજ થયેલ છે.
૫. અમદાવાદ નિવાસી લીલાબેન પટેલનો દેહાંત તા. ૧૧-૬-૨૦૧૯ના રોજ થયેલ છે.
૬. અમદાવાદ નિવાસી હસમુખાબેન રામપ્રસાદ પટેલનો દેહાંત તા. ૨૨-૯-૨૦૧૯ના રોજ થયેલ છે.

**પૂ. શ્રીમોટા સર્વેના આત્માને શાંતિ અર્પે તેવી અભ્યર્થના.**

ખાર, તા. ૨૧-૧૧-'૪૩

આપણે જે કંઈ ઊર્ધ્વજીવન બનાવવા માટે જહેમત કરી રહેલાં છીએ તેમાં જરાકે અંધશ્રદ્ધા આપણી ન આવી જાય તે ખાસ જોતા રહેવાનું છે. અંધશ્રદ્ધા કરતાં તો શ્રદ્ધા ન હોય તેવી સ્થિતિ સારી. અંધશ્રદ્ધા તો સીધો વિનાશનો રસ્તો છે. મને કોઈ પૂજે તો તેથી મને તો કમકમાટી આવે છે. કારણ કે પૂજન-અર્ચન આપણી ભાવનાઓને ઉન્નતગામી બનાવવા માટેનાં સાધનો છે. ને તેવું ન થયા કરતું હોય તો આપણું બધાનું પાખંડ જ ગણાય ને ? તેવી તેવી વેળા મને હૃદયમાં શૂળ ભોંકાય છે. પણ આને કોણ માને ? એના કરતાં આપણે પૂજા છોડી દઈએ તો યથેષ્ટ ગણાય ને તે વધારે યોગ્ય ગણાય. આપણે તો જે તે કંઈ કરીએ તેમાં દિલની સચ્ચાઈ કેટલી છે તે જોવાનું ને તે વધે તે જોવાનું છે. કોઈપણ કાર્યની પાછળ ભાવના કેવી છે તેના પર જ તે કાર્યની કિંમત ભગવાનની નજરે અંકાય છે અને એ ભાવના જ્ઞાનપૂર્વકની હોવી જોઈએ. જે પૂજન-અર્ચન આપણી ભાવનાને ઉન્નતગામી ન બનાવી શકે તો તેમાં ક્યાંક તો ખામી જરૂર છે. માટે ભાવના જેથી ઉન્નત ન થતી હોય તેવા કોઈપણ કાર્યની કશી કિંમત નથી. ભક્તિને નામે આપણે સ્વેચ્છાચારને પોષી ના શકીએ. ભક્તિને આશ્રયે આપણે યદ્વાતદ્વપણું નહિ ચલાવી લઈએ. જે કંઈ થયા કરતું હોય તે એમ ને એમ કરીએ તે તો ઠીક પણ આમાં તો માર પડ્યા કરે છે, ને હિંદુસ્તાનમાં આપણા સમાજમાં અંધશ્રદ્ધાનો પાર નથી. તેમાં ઉમેરો થતો જોઈને મને તો કમકમાં આવે છે કે, **"હે પ્રભો, મને બચાવજે, મારું પતન થવા ન દઈશ. મારાથી કોઈના પણ નિમિત્તરૂપે એક રજ જેટલું પણ જો તેના જીવનને ઊંચે જવાવામાં મદદ થવાપણું બનતું હોય તો હજારો વાર તને પ્રણામો હો; નહિતર એવા મારા નિમિત્તથી એ કોઈનું જેવું તેવું પોષાયા કરાતું હોય તો તે મને હજારો વીંછી-સાપના ડંખ જેવું છે."** ભક્તના હૃદયમાં આ વેદના સોંસરી ઊતરી જશે. મારા કહેવાનો અર્થ પણ સમજાશે. પૂજા તો એ ભગવાનની જ હોય ને જેને એવી શ્રદ્ધા જીવંતપણે બેઠી હોય તે ધરપત વાળીને બેસી પણ કેમ શકે ? ડૂબતો માણસ જીવવાનો પ્રયત્ન કર્યા વિના રહી શકતો જ નથી, ભલેને પછી એનાથી બચી ના શકાતું હોય તે જુદી વાત છે. બહેનોમાં શ્રદ્ધા હોય છે ખરી, પણ તેમની પકડ એવી સાંસારિક હોય છે કે તેમાં અંધશ્રદ્ધા રહેવા પૂરતો સંભવ રહે છે. તેથી તેમના જીવનપરિચયમાં આવતાં આવતાં એમને ઘણું ચેતાવવું પડે છે કે "માબાપ ! આપણે જો પંગતે બેસવું છે તો જમવાને માટે, જીવનને ટકાવવાને માટે, નહિ કે સ્વાદેન્દ્રિયોની રસની તૃપ્તિ કરવા માટે; માત્ર જીવન ટકાવવા માટે જ નહિ પણ સાચું જીવન મેળવવા માટે." એટલે આપણી જેટલી હોય તેટલી બુદ્ધિ ને વિવેકનો ખૂબ ખૂબ ઉપયોગ કરીએ ને જે તે નાણી નાણીને જ લેવાનો અભ્યાસ પાડીએ. ન બની શકે તો મને સ્પષ્ટ 'ના' કહેવામાં કશુંયે ખોટું લાગવાપણું રહેતું નથી. પણ જો હાથમાં લઈએ તો મરી ફીટવાનો નિર્ધાર કરીને તેમાં પડીએ. યુદ્ધે ચઢીને પાછા તો હઠાય જ કેમ ? યુદ્ધે ચઢીને તો કટકા થઈને પડીએ તોયે આપણા ખ્યાલમાં ત્યારે ભગવાન જ રહ્યા કરતા હોવા ઘટે.

જે માનવી જેને પોતાનું નક્કર ધ્યેય માને ને તે દિશામાં મક્કમપણે મંડ્યો રહે છે, તેને શ્રદ્ધા મળવાપણું નથી રહેતું. તેનામાં આપોઆપ શ્રદ્ધા ઊગે છે તે અનુભવનું સત્ય છે. જે સતત ધ્યેય પ્રતિ દૃષ્ટિ, વૃદ્ધિને વલણ દઢાવીને એક એક ડગલું ભરવામાં મચ્યો મંડ્યો ને ખૂંપ્યો રહે છે તેનામાં, શ્રદ્ધાનું

અવતરણ થયા જ જાય તે જાણશો. માટે થાય તેટલું કર્યા કરશો તો બાકીનાની ફિકર તે પોતે જ કરતું રહેશે.

શુદ્ધિ અને સત્ત્વવૃદ્ધિની દૃષ્ટિએ જેટલું આપણા પોતાનું જીવનપરિવર્તન થતું રહે તે જ આપણી કમાણી. તે જ આપણું સાચું ધન પાડોશી પાસે લાખો રૂપિયા હોય પણ તેથી કંઈ આપણે પૈસાદાર નથી થઈ જતા. તેમ મારા વિશેની તમારી કોઈ માન્યતાના અંતિમ પરિણામે તમારામાં સાચું જીવનધન વધતું ના હોય તો તે માન્યતા મિથ્યા છે. તે ધન નાશવંત નથી. એ ધન કમાવાની તાલાવેલી આપણા દિલમાં લાગેલી હોય તો મનને ભાગવાપણું ક્યાંયે ન રહે. માટે એ તાલાવેલી કૃપા કરી જગાડો તેમાં જ જીવનનું શ્રેય રહેલું છે. તે વિના સર્વ પ્રયત્ન મિથ્યા જવાના છે. ને એ તાલાવેલી વિના થયેલા પ્રયત્નમાં કચવાટ જ પેદા થયા કરવાનો છે. જે કર્મની પાછળ નર્યો નીતર્યો શુદ્ધ ભાવ - પારમાર્થિક હેતુ નથી તે કર્મ નથી, પણ બંધન છે આપણાં કર્મો તો ભાવની વૃદ્ધિ અર્થે, યજ્ઞભાવે થવાં ઘટે. તો જીવતર કંઈક ઘડાય. બાકી તો ભગવાન સંભાળવાવાળો છે જ.

*('જીવનપાથેય' આ.-૪, પૃ. ૬૭ થી ૬૯)*

•

## પૂજ્ય શ્રીમોટાનાં લગ્ન

પૂજ્ય મોટાના મોટાભાઈ જમનાદાસે મોટાની સગાઈ અમદાવાદમાં કરેલી. ચાર વર્ષ સુધી સગાઈ રહી. પછી જમનાદાસ બિમાર પડ્યા. અને ટી.બી. થયો ત્યારે આ રોગની કોઈ દવા નહીં. ગરીબ પરિસ્થિતિમાં પણ જમનાદાસની મોટાએ ઘણી દવા કરી. પણ બચ્યા નહિ અને ગુજરી ગયા.

ઘરમાં નાનાં મોટાં સાત જણાને આવી પરિસ્થિતિમાં શું ખવડાવવું ? આ બધી જવાબદારી તેમને માથે આવી પડી. મોટાભાઈની બિમારીમાં ઘણું બધું દેવું થઈ ગયેલું. ઘરમાં મોટાનાં બા સૂરજબા તથા હું મજૂરી કરીને ઘરખર્ચમાં મદદ કરતાં. મોટાભાઈના ગુજરી ગયા પછી મોટાનાં લગ્ન લીધા. મોટા તો ના જ પાડતા હતા. પણ બાની આજ્ઞાને માનીને પરાણે લગ્ન કર્યાં. આ વખતે છોકરીની ઉંમર પંદરેક વર્ષની અને મોટાની ઉમર પચીસેક વર્ષની હશે.

લગ્ન લીધાં. ઘેર ગણેશ બેસાડ્યા. બે દિવસ સગાંવહાલાને જમાડ્યાં. લગ્નને દિવસે સવારમાં વરઘોડાનો વખત થયો. મોટા તો ઘોડા ઉપર બેસીને સ્ટેશને આવ્યા. જાનમાં પણ લગભગ પંચોતેર માણસો હશે. મોટાએ તો બધાની ટિકિટ કઢાવી. જાન અમદાવાદ પહોંચી. રાત્રે જમણવાર થયો. બધા જાનૈયાઓએ જમી લીધું અને રાત્રે અગિયાર વાગે વરરાજા પરણવા બેઠા. કન્યાને પધરાવી. આ વખતે કન્યાને સખત તાવ હતો. મહારાજે ઉતાવળ કરીને હસ્તમેળાપ કરી દીધો. ત્યાં લગ્ન મંડપમાં મોટાને સમાધિ આવી. અને તે લગભગ એક કલાક સમાધિ અવસ્થામાં રહ્યા. ત્યાર પછી જાનીવાસે આવ્યા. બે દિવસ જાન અમદાવાદ રહી અને ત્રીજે દિવસે પરણીને નડિયાદ ઘેર આવ્યા. કન્યાને માંદગી હતી તેથી તેના કાકા તેને આવીને તેડી ગયા. મોટાનાં માગશર મહિનામાં લગ્ન થયેલાં અને ફાગણ મહિનામાં તો કન્યાનું મૃત્યું થયું.

જ્ઞાતિના રિવાજ પ્રમાણે બધાં કાણ કરવા આવે તે પ્રમાણે અહીં ઘર આગળ કાણે બધાં આવેલાં. મોટા તો બહાર ગયેલા. તે ભજન ગાતા ગાતા ઘેર આવ્યા. આ બધું જોઈ તેમણે બાને કહ્યું, 'આ બધું શું ? આપણને આવું બધું ના શોભે.' **— કાશીબા**

## ૬. પ્રા. એ.જી. ભટ્ટકૃત "અનુપમ અધ્યાત્મપથ"

- કાર્તિકેય અ. ભટ્ટ

પૂજ્ય શ્રી હરિઃૐ મોટાને અર્પણ થયેલ, શ્રીમોટાના અનન્ય ભક્ત, મોટાચરણેના રચયિતા પ્રા. એ.જી. ભટ્ટ દ્વારા લખાયેલ 'અનુપમ અધ્યાત્મપથ' શીર્ષકથી એક પુસ્તક પુનઃ પ્રકાશિત થયું. સંસ્કૃત ભાષાના વિનમ્ર વિદ્વાન, સ્મિતભાષી, મિતભાષી, અજાતશત્રુ, શાસ્ત્રો અને સંતો જેમના પ્રિય વિષયો હતા એવા પૂજ્યશ્રી એ.જી. ભટ્ટ સાહેબ વિશે શ્રીમોટાએ કહ્યું હતું કે, "અધ્યાત્મ માર્ગમાં મેં જે અનુભવ્યું એ શાસ્ત્રસંગત છે કે નહીં એનો તાળો મને ભટ્ટસાહેબ સાથેની વાતચીત પરથી મળી જાય છે. ઈ.સ. ૧૯૩૭થી ૧૯૭૪ સુધી અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કરનાર શ્રી એ.જી. ભટ્ટ સાહેબ નિવૃત્ત થયા પછી શ્રીમોટાએ ભટ્ટ સાહેબને કહ્યું હતું, "ભટ્ટસાહેબ, હવે પૈસા લઈને નહીં આવતા, મારી ટોપી એનો ભાર નહીં ઝીલી શકે. પ્રશ્નો લઈને આવજો." શ્રીમોટાએ ભટ્ટસાહેબ માટે એમ કહ્યું હતું, "પવિત્રતાની ભૂમિકા અને જ્ઞાનના ભારનો અભાવ હોવાથી ભટ્ટસાહેબ મારા નિકટવર્તી બની શક્યા છે."

શ્રીમોટાના પરમ ભક્ત સ્વ. શ્રી ઈન્દુકુમાર દેસાઈ લખે છે, "પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગના થોડાક દિવસ પહેલાંની જ વાત. હું કુટુંબ સહિત પૂજ્ય શ્રીમોટાના દર્શને નડિયાદ આશ્રમે ગયો. બુધવારનો દિવસ હતો. પૂ. શ્રીમોટાએ મળવાનું બંધ કરેલું. પરંતુ પ્રભુકૃપાથી મને દસ મિનિટ મળી. પૂજ્ય શ્રીમોટાની શારીરિક સ્થિતિ ખૂબ ખરાબ. ગળા પર સોજો-વધારે. ગળામાં બોલવાથી ઘસારો થાય, અને લોહી પણ પડે. એમના દેહને ખૂબ દુઃખ. ત્રીજે દિવસે શુક્રવારે કૉલેજમાં ભટ્ટસાહેબ (ઈન્દુકુમાર ભટ્ટ સાહેબના સાથી અધ્યાપક હતા) સંદેશો લઈને આવ્યા કે, "પ્રો. રમેશ ભટ્ટ મારે ઘેર આવ્યા હતા અને તેમને શ્રીમોટાએ કહેવડાવ્યું છે કે ટેપરેકોર્ડરની વ્યવસ્થા કરી ભટ્ટસાહેબને લઈને રવિવારે આશ્રમે સત્સંગ કરવા આવવાનું છે." ઈન્દુકુમારને આશ્ચર્ય થયું. પૂજ્ય શ્રીમોટાની જે સ્થિતિ હતી તેમાં એ શક્ય જ ન હતું. પરંતુ 'ગુરુનો આદેશ' તો પાળવો જ રહ્યો તેમ વિચારી ટેપરેકોર્ડરની વ્યવસ્થા કરી શ્રી ઈન્દુકુમાર શ્રી ભટ્ટસાહેબને લઈને શ્રીમોટાના આશ્રમે પહોંચી ગયા. શ્રીમોટા અને ભટ્ટસાહેબ વચ્ચે સત્સંગ પ્રશ્નોત્તરી થઈ. સાથે સાથે શ્રી ભટ્ટસાહેબને શ્રીમોટાએ કહ્યું, આપની સાથે તો બહુ ખુલ્લા દિલથી વાત કરું છું, પણ બીજાની સાથે નહિ કરું વાત. નહીં તો એમ જ (લોકો) માને કે પોતાની મહત્તા બતાવવા માટે મોટા આ બધી વાત કરે છે. હું કહું જ નહીં આવી વાત કોઈ દિવસ. પણ જ્યાં સુધી ખુલ્લું દિલ તેમજ જિજ્ઞાસાની ભાવના હોય, સત્સંગની ભાવના હોય ત્યાં હંમેશાં ખુલ્લાં થવું, ગુરુમહારાજનો હુકમ છે."

ઉપરોક્ત વાત વિગતવાર એટલા માટે રજૂ કરી છે કે તાજેતરમાં પ્રકાશિત થયેલ શ્રી ભટ્ટસાહેબના 'અનુપમ અધ્યાત્મપથ' પુસ્તકમાં ભટ્ટસાહેબના શ્રીમોટાના સંદર્ભો સાથે કેટલાક અધ્યાત્મવિષયક લેખો, ભટ્ટસાહેબના ગીતા અને રઘુવંશ અને નામમહિમા જેવા વિષયો પરના રેડિયો વાર્તાલાપ તથા પૂજ્ય શ્રીમોટા, શ્રી શ્રીમા આનંદમયી અને પોંડિચેરી શ્રી અરવિંદાશ્રમના ડિવાઈન મધર વિશે ભટ્ટસાહેબ દ્વારા કરાયેલ સ્તોત્રરચનાઓ જેનો ગુજરાતી અનુવાદ પણ સામેલ કર્યો છે. આ સાથે આ ત્રણે જ્ઞાનીજનો વિશેના સંક્ષિપ્ત જીવન વિશેની નોંધ પણ કરવામાં આવી છે.

અત્રે સવિશેષ નોંધપાત્ર બાબત તો એ છે કે શ્રીમોટા સાથેના ભટ્ટસાહેબના વાર્તાલાપો, શ્રીમોટા વિશે ભટ્ટસાહેબ દ્વારા લખાયેલા લેખો વગેરે લગભગ ૨૫ કરતાં વધારે વિષયોનો સમાવેશ પ્રસ્તુત પુસ્તકમાં કરવામાં આવ્યો છે. એના ઉદાહરણો તરીકે નીચે કેટલીક બાબતો રજૂ કરવાની રજા લઉં છું.

+ માત્ર એક જ ચેતન છે. જુદા જુદા દેવો કલ્પ્યા તે તો શાસ્ત્રકારોએ...
+ સાધના કરવાની બાબતમાં જીવ સ્વતંત્ર છે તે ઈશ્વરની ઇચ્છા કૃપાને આધીન નથી.
+ ભગવાન પ્રત્યેની અભિમુખતા ભૂમિકા વિના જાગતી નથી.
+ જે જીવાત્મા અનુભવીને (મહાપુરુષને, ગુરુને, શ્રીમોટાને) ઊંડો હાર્દિક સહકાર આપે છે તેને જ અનુભવીના નિમિત્તે-કર્મની પ્રતીતિ થાય છે.
+ ભક્તિના નવ પ્રકારમાં આત્મનિવેદન પણ છે. મેં (શ્રીમોટાએ) પોતે પણ આત્મનિવેદનનો બહુ મોટો આધાર લીધો હતો.
+ ગુરુ કોઈને પરાધીન રાખવા ઇચ્છતો નથી, પણ પોતાના જેવો ચેતનાશક્તિ સંપન્ન બનાવવા ઇચ્છે છે.
+ સ્વપ્ન સત્ય છે... તમારી જાતને ખોળવાને માટે મદદરૂપ થાય છે.
+ અનુભવી નિમિત્ત દ્વારા પોતાની કામગીરી બજાવે છે.
+ ...સાહેબ આપણી પૃથ્વી છે એનાથી અધોગામી અને ઊર્ધ્વગામી લોક પણ છે... મારે દિલથી તે હકીકતરૂપ છે.
+ બધાંય સાધનોમાં જપ શ્રેષ્ઠ છે.... જપ નિરંતર થઈ ગયા પછી તમારી બધી પ્રક્રિયા જુદા પ્રકારની થઈ જવાની...
+ સભાનતા વિના કરેલું કર્મ ઊર્ધ્વપથમાં આગળ નથી આવતું.

આમ, આ પુસ્તક શ્રીમોટાના ભક્તો માટે તથા સર્વ જિજ્ઞાસુઓ માટે સોનાની ખાણ સમાન સંકલિત થઈ શકે તેમ છે. 'નિષ્કામકર્મ યોગ' 'દૈવ અને પુરુષાર્થ' 'સાચી શરણાગતિ' જેવા લગભગ ૩૫ જેટલા અધ્યાત્મસભર લેખોમાં ભટ્ટસાહેબની શ્રીમોટા સાથેની ભક્તિ અને શરણાગતિ છવાયેલી દેખાય છે. આ 'અનુપમ અધ્યાત્મપથ' પુસ્તક શ્રીમોટાના નડિયાદ અને સૂરત આશ્રમમાંથી તથા મુંબઈ, અમદાવાદના ઈમેજ પબ્લિકેશન્સમાંથી મળી શકે છે. શ્રીમોટાના ભક્તોને આ પુસ્તક માટે ખાસ ભલામણ કરું છું. અંતે શ્રીમોટાએ ભટ્ટસાહેબને કહ્યું હતું, ''ભટ્ટસાહેબ, મારા ગુરુમહારાજે તમને તમારા સર્વ ગુણદોષ સાથે સ્વીકારી લીધાં છે માટે નિશ્ચિંત થઈ જાવ.''

•

## 'હરિઃૐ ગુંજન'ને ભેટ

| | | |
|---|---|---|
| (૧) | મીનાબેન આર. ભાટી (મુંબઈ) | રૂ. ૨૫,૦૦૦/- |
| (૨) | રામીત (વડોદરા) | રૂ. ૧૪,૦૦૦/- |
| (૩) | રમેશભાઈ આર. અમીન (વડોદરા) | રૂ. ૧૧,૦૦૦/- |
| (૪) | નીતિનભાઈ પી. પટેલ (અમદાવાદ) | રૂ. ૧૦,૦૦૦/- |
| (૫) | ઈન્દ્રવદનભાઈ મોહનલાલ ગાંધી (અંકલેશ્વર) | રૂ. ૧૦,૦૦૦/- |
| (૬) | અરૂણભાઈ શાહ (અમદાવાદ) | રૂ. ૫,૦૦૦/- |
| (૭) | ધીરજલાલ વાલજીભાઈ જોષી (નડિયાદ) | રૂ. ૫,૦૦૦/- |
| (૮) | જગદીશભાઈ કે. શાહ (મહાજન બુક ડીપો - અમદાવાદ) | રૂ. ૫,૦૦૦/- |
| (૯) | મૃદુલાબેન એમ. મુખી (અમદાવાદ) | રૂ. ૫૦૦/- |
| (૧૦) | ભૂપેન્દ્રભાઈ હીરાલાલ પટેલ (અમદાવાદ) | રૂ. ૨૫૧/- |

**ઉપરોક્ત સર્વે સ્વજનોના અમે આભારી છીએ.**

**ક્ષણે ક્ષણે આત્મનિરીક્ષણાર્થે, પદે પદે જાગૃતિ રાખવાને,**
**સ્વભાવના દોષ નિવારવાને દેજો મને આંતરશક્તિ નિત્યે. ૩૨**

**ક્ષણે ક્ષણે આત્મનિરીક્ષર્ણાર્થે, પદે પદે જાગૃતિ રાખવાને, – સ્વભાવના દોષ નિવારવાને મને નિત્યે આંતરશક્તિ દેજો.**

**અસંખ્ય સંકલ્પવિકલ્પના જે પ્રવાહ આ અંતરમાં વહે છે**
**તે રોકવાનું બળ આપી નાથ ! મારા કરો અંતરને પ્રશાંત. ૩૩**

**સંકલ્પ-વિકલ્પના [સંકલ્પ = કાર્ય કરવાની ઇચ્છા; વિકલ્પ = સંશય] જે અસંખ્ય પ્રવાહ આ અંતરમાં વહે છે તે રોક્વાનું બળ આપી[ને] હે નાથ ! મારા અંતરને પ્રશાંત કરો.**

**સ્વભાવ એ વજ્રનું પાંજરું છે, ના સહેલ તેમાં થકી છૂટવું છે;**
**જે ભક્તિભાવે હરિને વરે છે સ્વભાવથી મુક્ત જ તે બને છે. ૩૪**

**સ્વભાવ એ વજ્રનું પાંજરું છે, તેમાં થકી [= થી] છૂટવું ના સહેલ છે; જે હરિને ભક્તિભાવે વરે છે તે જ સ્વભાવથી મુક્ત બને છે.**

**જો પ્રેમભાવે ગુરુપાદપદ્મે કો અંતરાત્મા જઈને ઠરે છે**
**સ્નેહસ્વરૂપી ગુરુના કટાક્ષે સ્વભાવથી મુક્ત જ થાય છે તે. ૩૫**

**જો કો અંતરાત્મા પ્રેમભાવે ગુરુપાદપદ્મે જઈને ઠરે છે [= સ્થિર થાય છે [તો] તે સ્નેહસ્વરૂપી ગુરુના કટાક્ષે [= નજર][માત્રથી] સ્વભાવથી મુક્ત થાય જ.છે.**

**અમી ભરેલાં દગથી નિહાળી મારો ગ્રહો હાથ વિભો ! ત્વરાથી;**
**સ્વભાવના અંધ તમિસ્રમાંથી દ્યો મુક્તિ હે નાથ ! પ્રકાશ અર્પી. ૩૬**

**અમી ભરેલાં દગથી [= નેત્રથી] નિહાળી[ને] [હે] વિભો ! ત્વરાથી મારો હાથ ગ્રહો. હે નાથ ! પ્રકાશ અર્પીને સ્વભાવના અંધ [= ગાઢ] તમિસ્રમાંથી [= અંધકારમાંથી] મુક્તિ દ્યો.**

**આનંદ પામે અનુકુળતાથી, બેચેન થાયે પ્રતિકૂળતાથી –**
**એ જીવની આદત છે પુરાણી, તેને પ્રભો ! સંહરજો કૃપાથી. ૩૭**

**અનુકૂળતાથી આનંદ પામે [અને] પ્રતિકૂળતાથી બેચેન થાયે – એ જીવની પુરાણી આદત છે. [હે] પ્રભો ! તેને કૃપાથી સંહરજો [= દૂર કરજો].**

૩૨ થી ૩૭ શ્લોકમાં ભટ્ટ સાહેબે જીવદશાવાળા માણસના સ્વભાવની વાત કરી છે. જેને શ્રીમા અભાવના સ્વભાવ તરીકે વર્ણવે છે. સાધારણ રીતે સાંસારિક જીવ અભાવની ગતિનું અવલંબન લઈને ચાલે છે. હંમેશાં જુદા જુદા પ્રકારના અભાવના બોધને જગાડવાનો એનો સ્વભાવ છે. કેવળ એટલું જ નહિ, અભાવનો બોધ જગાડવાની સાથે સાથે એ અભાવ પૂરણ [સંતોષવાનો] કરવાનો પ્રયાસ પણ થાય છે. શ્રી ગોપીનાથ કવિરાજ

શ્રી શ્રીમા આનંદમયીની પરાવાણીની આ સંદર્ભમાં સમજૂતી આપતાં લખે છે : ‘‘કેવળ પ્રયાસ માત્ર જ થાય છે, પરંતુ એનાથી કોઈ વિશેષ ફળલાભ નથી થતો, કારણ કે અભાવોની પૂર્તિ થવી પણ ઠીક પૂર્તિ હોતી નથી. તૃષાથી સુકાતા કંઠમાં સુશીતલ જળસિંચન કરતા સુકાયેલું ગળું આર્દ્ર થાય છે અને તરસ પણ નિવૃત્ત થઈ જાય એ સત્ય છે. પરંતુ એ પ્યાસનિવૃત્તિ સ્થાયી નથી હોતી. વળી થોડા સમયને અંતરે જ પહેલાંની જેમ તૃષાની પીડાથી કંઠ સુકાવા માંડે છે. અભાવના જગતમાં જીવ છે તેથી અભાવની ગતિ જ ક્રિયા કરે છે. કોઈ પણ અભાવ પૂર્ણ થતાં યથાર્થ રૂપથી પૂર્ણ નથી થતો અને ફરીથી અભાવનો ઉદય થાય છે. તૃષા સમાન સર્વ પ્રકારના અભાવ એક જ સરખા સમજવા જોઈએ. અભાવની ધારામાં રહેતાં અભાવશૂન્ય થવાનો કોઈ ઉપાય નથી.’’

ભટ્ટ સાહેબ આ [અભાવ]ના સ્વભાવને વજ્રપાંજરા તરીકે વર્ણવે છે, અને લખે છે : ‘ના સહેલ તેમાં થકી છૂટવું છે.’ અહીં ભટ્ટ સાહેબનો હેતુ અભાવના સ્વભાવની મર્યાદાઓ રજૂ કરવાનો છે. શ્રી શ્રીમા આનંદમયી કહે છે : ‘‘આપણે બધાં અત્યારે અભાવના સ્વભાવમાં છીએ. જેવી રીતે આપણને ભૂખ લાગે છે ત્યારે અભાવનો બોધ થાય છે. જમ્યા પછી આ અભાવ દૂર થઈ જાય છે. ત્યાર પછી ઊંઘના અભાવનો અનુભવ કરીએ છીએ. આ રીતે કોઈ ને કોઈ પ્રકારનો અભાવ રહ્યા કરે છે. આ અભાવના સ્વભાવને કારણે જો જરૂરિયાતોની પૂર્તિ થાય તો આનંદ થાય અને જો તે અવરોધાય અથવા તો પ્રતિકૂળ પરિસ્થિતિ સર્જાય તો જીવદશાવાળો માણસ બેચેન થઈ જાય છે. આ અભાવના ‘અંધ તમિસ્રમાંથી’- ગાઢ અંધકારમાંથી મુક્ત થવા માટે ભટ્ટ સાહેબ એમના ગુરુ મહારાજ શ્રીમોટાને પ્રાર્થે છે. ગુરુનાં ચરણકમળનો આશરો લઈને સાધક-શિષ્ય-ભક્ત અભાવના સ્વભાવમાંથી મુક્ત થઈ પોતાના અસલ સ્વભાવ તરફ ગતિ કરી શકે છે.

શ્રી શ્રીમા આનંદમયી કહે છે : ‘‘પ્રત્યેકમાં અભાવની ગતિ સમાન બીજી પણ એક ગતિ છે. એ જ સ્વભાવની ગતિ. એ જ છે મહાગતિ. આ માટે અભાવનો સ્વભાવ રહેવાને બદલે સ્વભાવનો અભાવ થવો જોઈએ, એટલે કે હરિને પામવાનો અભાવ - મુક્ત થવાનો અભાવ - પોતાના સાચા સ્વ-રૂપને ન પામી શકવાનો અભાવ. જો આ થાય તો સાચા સ્વભાવ તરફ ગતિ કરી શકાય છે.’’ શ્રી શ્રીમા કહે છે : ‘‘અભાવની ધારામાં જેમ અભાવ અથવા અપૂર્ણતાનો બોધ સ્વાભાવિક છે, એવી જ રીતે સ્વભાવની ધારામાં પૂર્ણતાની પ્રાપ્તિ થવી સ્વાભાવિક છે.’’ ભટ્ટ સાહેબ લખે છે : ‘‘જે ભક્તિભાવે હરિને વરે છે, સ્વભાવથી [અભાવના સ્વભાવથી] મુક્ત જ તે બને છે.’’

શ્રી શ્રીમા અભાવમાંથી સ્વભાવની ગતિને સરળ રીતે સમજાવતાં કહે છે.: ‘‘પહેલાં સાધકમાંથી દેહ-અશુદ્ધિ [‘હું શરીર છું’ એવો ભાવ અથવા દેહાધ્યાસ] ચાલી જાય છે. પછી વાસના-કામના પૂર્ણ રીતે ગળી જાય છે. ત્યાર બાદ સર્વત્ર સમભાવ જન્મે છે અને ત્યારે જીવ, દેહ અને મનથી અતિરિક્ત, તે આત્મદેવને પ્રત્યક્ષ ઉપસ્થિત કરે છે. આ સ્વભાવમાં જવું તે સાધનાનું અંતિમ લક્ષ્ય.’’ આમ થવાને કારણે ભટ્ટ સાહેબે વર્ણવેલ ‘‘અસંખ્ય સંકલ્પ-વિકલ્પના અંતરમાં વહેતા પ્રવાહ શાંત થાય છે અને સાધક નિશ્ચલ બને છે.’’ આ માટે ભટ્ટ સાહેબ ગુરુવર્ય શ્રીમોટાની સ્તુતિ કરે છે તે યોગ્ય જ છે કારણ કે શ્રી ગોપીનાથે કહ્યું છે તે પ્રમાણે : ‘‘સ્વભાવની ધારામાં જીવને પ્રેરિત કરવાનું ગુરુની અનુગ્રહ-શક્તિનું પ્રધાન કાર્ય છે.’’

શ્રી શ્રીમાએ કહેલ અભાવ-સ્વભાવની વાતનો અત્રે થોડો વિસ્તાર કરવાથી જિજ્ઞાસુઓની સમજણમાં વૃદ્ધિ કરશે : ‘‘જે અભાવ છે તે જ સ્વભાવ, મૂળમાં એક સિવાય બીજું નથી. ગમે તેટલું વૈચિત્ર્ય કેમ ના

રહે, એ એકનો જ વિલાસ, કેવળ વિલાસ જ નહિ, એક જ, એનો પ્રકાશ જ યથાર્થ પ્રકાશ. જીવનો અભાવ મટતો નથી એ સત્ય; એનું એક માત્ર કારણ એ છે કે જીવ અભાવથી જ અભાવ નિવૃત્તિનો વ્યર્થ પ્રયત્ન કરે છે પરંતુ એ પ્રકૃત માર્ગ નથી. સ્વભાવ પ્રાપ્ત કર્યા વિના, સ્વભાવમાં પ્રતિષ્ઠિત થયા વિના [પોતાના સ્વ-રૂપમાં પ્રતિષ્ઠિત થયા વિના] અભાવ કદાપિ મટી શકતો નથી.'' ભટ્ટ સાહેબના લખવા પ્રમાણે ગુરુના શરણાગત થવાથી, ગુરુના અધ્યાત્મબોધને ગ્રહણ કરી તેનું આચરણ કરવાથી [અભાવના] સ્વભાવની નિવૃત્તિ થાય અને સાચો સ્વભાવ 'હું આત્મા છું'ની ઉપલબ્ધિ કરી શકાય.

અત્રે ભટ્ટ સાહેબના ૩૫મા શ્લોક વિશે પણ વિચારી લઈએ. ગુરુપાદ- પદ્મે પ્રેમભાવે અંતરાત્મા સ્થિર થાય તો ગુરુના સ્નેહરૂપી કટાક્ષથી સાધક અભાવના સ્વભાવથી મુક્ત થાય છે. વાત થઈ ગુરુ પ્રત્યે આત્મસમર્પણની. શ્રી અરવિંદ કહે છે : ''પ્રભુ માટેનો સાચો પ્રેમ તો છે એક આત્મસમર્પણ, જેમાં કોઈ દાવો કરાતો નથી, જે કોઈ શરત લાદતો નથી, કોઈ બદલો માગતો નથી, ઈર્ષ્યા કે અભિમાન કે ક્રોધની કોઈ હિંસા આચરતો નથી, કેમ કે આ બધી વસ્તુઓ તેના બંધારણમાં હોતી નથી.'' શ્રી અરવિંદ કહે છે : ''તમારા પ્રેમને કોઈ પણ સ્વાર્થી દાવાથી કે ઈચ્છાથી અભડાવશો નહિ. તમે જોશો કે તમે જેટલો ઝીલી શકો અને પચાવી શકો તેટલો બધો જ પ્રેમ તેના ઉત્તરરૂપે તમને [પ્રભુ તરફથી-ગુરુ તરફથી] પ્રાપ્ત થાય છે.''

•

**છે એક આત્મા સઘળાં જનોનો, જુદાં જુદાં છે પણ અંતરંગો;**
**વિભિન્ન છે શક્તિ જનો જનોની, છે શક્તિ મારી પ્રભુ છેક થોડી. ૩૮**

**સઘળાં જનોનો આત્મા એક છે, પણ અંતરંગો [= મન, બુદ્ધિ આદિ] જુદાં જુદાં છે. જનો જનોની શક્તિ વિભિન્ન છે; [હે] પ્રભુ ! મારી શક્તિ છેક થોડી.છે.**

આ શ્લોકમાં ભટ્ટ સાહેબ જુદા જુદા પ્રાણીઓમાં - મનુષ્યોમાં સઘળા જનોમાં એક આત્મા છે એમ દર્શાવે છે. જુદા જુદા લોકોમાં એક આત્માનો વાસ હોવા છતાં પ્રત્યેક વ્યક્તિની શક્તિમાં ભિન્નતા હોય છે. આમ દર્શાવીને પોતાનામાં ખૂબ થોડી શક્તિ હોવાની વાત તેઓશ્રી કહે છે. આત્માના સંદર્ભમાં શ્રી રમણ મહર્ષિને એક જિજ્ઞાસુએ પૂછેલા પ્રશ્ન અને ઉત્તરને અત્રે રજૂ કર્યો છે.:

**જિજ્ઞાસુ :** અસંખ્ય શરીરો અને એમને જીવાડતા આત્માઓ ખરેખર બધે દેખાય છે તો પછી 'આત્મા કેવળ એક છે' એમ શી રીતે કહેવાય ?

**મહર્ષિ :** 'હું શરીર છું' એ વિચાર [સત્ય તરીકે] સ્વીકારવામાં આવે તો આત્માઓ અનેક છે, [મનુષ્ય પોતે શરીર છે એ વિચાર હૃદય-ગ્રંથિ છે. જે ચેતનને જડ સાથે બાંધે છે] આત્મા એ અવસ્થા છે, જેમાં આ વિચાર અદૃશ્ય થાય છે; કારણ કે એમાં બીજા પદાર્થો હોતા નથી. આ કારણે આત્મા એક જ છે, એમ કહેવામાં આવે છે.

આત્મા વિશે એક રસપ્રદ પ્રશ્નોત્તરી જિજ્ઞાસુ અને શ્રીમદ્ રાજચન્દ્ર વચ્ચે થઈ હતી, જે નીચે પ્રમાણે છે :

**જિજ્ઞાસુ :** આત્મા એક છે કે અનેક ?

**શ્રીમદ્ :** જો આત્મા એક હોય તો પૂર્વે રામચન્દ્રજી મુક્ત થયા છે અને તેથી સર્વેની મુક્તિ થવી જોઈએ; અર્થાત્ એકની મુક્તિ થઈ હોય તો સર્વની મુક્તિ થાય અને પછી બીજાને સત્ શાસ્ત્ર, સદ્ગુરુ આદિ સાધનોની જરૂર નથી.

**જિજ્ઞાસુ :** મુક્તિ થયા પછી એકાકાર થઈ જાય છે ?

**શ્રીમદ્ :** જો મુક્તિ થયા પછી એકાકાર થઈ જતું હોય તો સ્વાનુભવ આનંદ અનુભવે નહિ, એક પુરુષ અહીં આવીને બેઠો; અને તે વિદેહમુક્ત થયો, ત્યાર પછી બીજો અહીં આવીને બેઠો તે પણ મુક્ત થયો. આથી કરીને ત્રીજો મુક્ત થયો નહિ. એક આત્મા છે તેનો આશય એવો છે કે સર્વ આત્મા વસ્તુપણે સરખા છે; પણ સ્વતંત્ર છે. સ્વાનુભવ કહે છે. આ કારણથી આત્મા પ્રત્યેક છે; 'આત્મા એક છે માટે તારે બીજી ભ્રાંતિ રાખવાની જરૂર નથી, જગત કંઈ છે જ નહિ એવા ભ્રાંતિરહિતપણા-સહિત વર્તવાથી મુક્તિ છે.' એમ જે કહે છે તેણે વિચારવું જોઈએ કે તો એકની મુક્તિએ સર્વની મુક્તિ થવી જ જોઈએ, પણ એમ નથી થતું; માટે આત્મા પ્રત્યેક છે. જગતની ભ્રાંતિ ટળી ગઈ એટલે એમ સમજવાનું નથી કે ચંદ્ર, સૂર્યાદિ ઊંચેથી પડી જાય છે. આત્માને વિશેની ભ્રાંતિ ટળી ગઈ છે એમ આશય સમજવાનો.છે.

એક જ વિદ્યુત પ્રવાહથી જુદા જુદા સાધનો પ્રકાશિત થાય છે અને / અથવા કાર્યરત થાય છે એ ઉદાહરણ પણ સમજણ પૂરી પાડે તેવું છે. શ્રીમદ્ અને મહર્ષિની વાતમાં દેખાતો વિરોધ વાસ્તવમાં એક જ આત્માને જુદી જુદી રીતે સ્પષ્ટ કરે છે.

ભટ્ટ સાહેબની આ શ્લોકની બીજી લીટીમાં 'વિભિન્ન છે શક્તિજનોની, છે શક્તિ મારી પ્રભુ ! છેક થોડી.' આ કડીની સમજૂતી માટે ઈશ્વરકૃપાથી આપણને શ્રી ઈશ્વરચન્દ્ર વિદ્યાસાગર અને શ્રી રામકૃષ્ણ પરમહંસ વચ્ચેનો વાર્તાલાપ ઉપલબ્ધ થાય છે જે નીચે પ્રમાણે છે :

**શ્રી રામકૃષ્ણ :** ...જુઓને આ જગત કેવું આશ્ચર્યજનક ! કેટલી જાતની વસ્તુઓ - ચન્દ્ર, સૂર્ય, નક્ષત્રો, કેટલી જાતના જીવ ! મોટા, નાના, સારા, નરસા; કોઈને વધુ શક્તિ, કોઈને ઓછી શક્તિ.

**વિદ્યાસાગર :** ઈશ્વરે શું કોઈને વધુ શક્તિ તો કોઈને ઓછી આપી છે ?

**શ્રી રામકૃષ્ણ :** ઈશ્વર વ્યાપકરૂપે સર્વભૂતોમાં છે, કીડી સુદ્ધાંમાં, પરંતુ તફાવત. એમ ન હોય તો એક માણસ દસ માણસને હરાવી દે. તેમ વળી કોઈ એક માણસથી ડરીને ભાગે એમ કેમ બને ? અને એમ ન હોય તો મનેય બધાં માને શું કામ ? તમને શું કાંઈ શિંગડાં ઊગ્યા છે બે ? [હાસ્ય] તમારામાં દયા, તમારામાં વિદ્યા છે - બીજાના કરતાં વધારે; એટલે તમને માણસો માને; મળવા આવે, આ વાત તમે માનો કે નહિ ?

ત્યાર બાદ શ્રી રામકૃષ્ણે વિદ્યાસાગરને સમજાવ્યું : 'હું અને મારુ' એ બે અજ્ઞાન. 'હે ઈશ્વર તમે માલિક'એ ભાવ જ્ઞાનથી થાય. મૃત્યુને હંમેશાં યાદ રાખવું ઉચિત.'

•

*(ક્રમશઃ)*











The postal Regn. No. G-KDA-119/2019-21 valid upto 31-12-2021, posted from Nadiad Head post office on 5th date of every Two Month. Issued by the SSPO's Kheda division, Nadiad • **RNI No. GUJGUJ/2018/76364**






## (BOOK-POST - Printed Matter)

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road, Ahmedabd-380022 and published from 89, Payal Park, Near Star Bazar, Satellite, Ahmedabad-380015.
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL